# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૨૧



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ઘણું શું કહીએ ! એટલું જ સમજી લેવું કે નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે તથા અન્ય નાના પ્રકારના ભેદો બાહ્યસાધન અપેક્ષાએ ઉપચારથી કહ્યા છે, તેને વ્યવહાર માત્ર ધર્મસંજ્ઞા જાણવી. આ રહસ્યને જાણતો નથી તેથી તેને (—જૈનાભાસીને) નિર્જરાનું પણ સાચું શ્રદ્ધાન નથી. ૧૮૮૯.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ-૭, પાનું ૨૩૭)

● જે પુરુષ પરની નિંદા કરીને પોતાને ગુણવાનપણામાં સ્થાપવા ઈચ્છે છે તે પુરુષ કડવી દવા અન્ય પીવે અને પોતે નિરોગ થવા ઈચ્છે છે.

સત્પુરુષ અન્યનો દોષ જોઈને પોતે લજ્જા પામે છે. જેમ પોતાના દોષની રક્ષા કરે—ગોપવે, તેમ અન્યનો દોષ જોઈને, લોકમાં સંયમની નિંદા થવાના ભયથી બીજાનો દોષ પ્રગટ ન કરે.

જેમ તેલનું ટીપું પાણીમાં વિસ્તારને પામે છે તેમ બીજાનો અત્યંત અલ્પ ગુણ પણ સત્પુરુષને પ્રાપ્ત થઈને ઘણા વિસ્તારને પામે છે. એવા સત્પુરુષ પરના દોષ કેવી રીતે કહે—કેવી રીતે પ્રગટ કરે ? સત્પુરુષ બીજાના દોષ પ્રગટ કરતા જ નથી. ૧૮૯૦.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા ૩૭૬-૭૭-૭૮)

● આહાર છે તે કાયાની રક્ષા અર્થે છે; કાયા જ્ઞાનના સંપાદન માટે છે; જ્ઞાન કર્મના નાશને માટે છે; અને કર્મના નાશથી પરમપદની પ્રાપ્તિ થાય છે. ૧૮૯૧.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા—૨૧૮)

● જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તો પણ કાદવથી લેપાતું નથી (અર્થાત્ તેને કાટ લાગતો નથી) કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. જેમ લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે. ૧૮૯૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૧૮-૨૧૯)


વર્ષ–૧૬
અંક–૧





વિ. સંવત
૨૦૭૭
September
A.D. 2021

## સંવરના હેતુભૂત દશ ધર્મ


ઉત્તમ ક્ષમા આદિ ધર્મોમાં સ્વગુણની પ્રાપ્તિ તથા પ્રતિપક્ષી દોષની નિવૃત્તિની ભાવના કરવામાં આવે છે માટે આ સંવરના હેતુ છે.




**ઉત્તમ ક્ષમા :** વ્રતશીલનું રક્ષણ, આ લોક અને પરલોકમાં દુ:ખનું ન હોવું અને સમસ્ત જગતમાં સન્માન-સત્કાર થવો આદિ ક્ષમાના ગુણ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો નાશ કરવો આદિ ક્રોધના દોષ છે. આમ વિચારીને ક્ષમા ધારણ કરવી જોઈએ. જો બીજો કોઈ આપણી ઉપર ક્રોધ કરે છે અને ગાળ આપે છે તો વિચાર કરવો જોઈએ કે જો કહેલા દોષો મારામાં વિદ્યમાન છે જ તો તે શું મિથ્યા કહે છે? જો એ દોષ મારામાં વિદ્યમાન નથી તો વિચાર કરવો જોઈએ કે તે જીવ અજ્ઞાનથી એમ કહે છે માટે મારે ક્ષમા જ કરવી જોઈએ.




**ઉત્તમ માર્દવ :** નિરભિમાની અને માર્દવગુણ સહિત વ્યક્તિ ઉપર ગુરુઓનો અનુગ્રહ હોય છે. સાધુજન પણ તેઓને સાધુ માને છે. ગુણના અનુગ્રહથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેનાથી સ્વર્ગાદિ સુખ મળે છે. મલિન મનમાં વ્રત-શીલ આદિ રહેતા નથી એવું જાણી સાધુજન તેને છોડી દે છે. તાત્પર્ય એમ છે કે અહંકાર સમસ્ત વિપદાઓની જડ છે.



**ઉત્તમ આર્જવ :** સરળ હૃદય ગુણોનો આવાસ છે. તેઓ માયાચારથી ડરે છે માયાચારીને નિંદ્યગતિ પ્રાપ્ત થાય છે.




**ઉત્તમ શૌચ :** શુચિ આચારવાળા નિર્લોભ વ્યક્તિનું આ લોકમાં સન્માન થાય છે. વિશ્વાસ આદિ ગુણો તેમાં રહે છે. લોભીના હૃદયમાં ગુણો રહેતા નથી. તે આ લોક અને પરલોકમાં અનેક આપત્તિઓ તથા દુર્ગતિને પ્રાપ્ત થાય છે.



**ઉત્તમ સત્ય :** સમસ્ત ગુણ સમ્પદા સત્ય વ્યક્તિમાં પ્રતીત થાય છે, ખોટું બોલવાવાળાના બંધુજન પણ તિરસ્કાર કરે છે. તેની સાથે કોઈ મિત્રતા કરતું નથી. જીભ છેદન, સર્વસ્વહરણ આદિ દંડ તેને ભોગવવા પડે છે.



**ઉત્તમ સંયમ :** સંયમ આત્માને હિતકારી છે. સંયમી પુરુષની અહીં જ પૂજા થાય છે તો પરલોકની તો વાત જ શું ? અસંયમી જીવ નિરંતર હિંસા આદિ વ્યાપારોમાં લિપ્ત હોવાથી તે અશુભ કર્મોનો સંચય કરે છે.



**ઉત્તમ તપ :** તપથી સમસ્ત અર્થોની સિદ્ધિ થાય છે. તેનાથી ઋદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. તપસ્વીઓના ચરણરજથી પવિત્રસ્થાન તીર્થ બન્યા છે. જેને તપ નથી તેઓ તૃણથી પણ લઘુ છે. સર્વગુણ તેને છોડી દે છે. તે સંસારથી મુક્ત થઈ શકતો નથી.



**ઉત્તમ ત્યાગ :** પરિગ્રહનો ત્યાગ કરવો એ પુરુષ માટે હિતને અર્થે છે. જેમ જેમ તે પરિગ્રહ રહિત થાય છે તેમ તેમ તેને ખેદના કારણો દૂર થતા જાય છે. ખેદ રહિત મનમાં ઉપયોગની એકાગ્રતા અને પુણ્યનો સંચય થાય છે. પરિગ્રહની આશા ઘણી બળવાન છે, તે સમસ્ત દોષોની ઉત્પત્તિનું સ્થાન છે. જેવી રીતે સમુદ્રનો વડવાનલ (અગ્નિ) પાણીથી શાંત થતો નથી તેવી રીતે પરિગ્રહથી આશારૂપી સમુદ્રની તૃપ્તિ થઈ શકતી નથી. આશારૂપી ખાડો ઘણો ઊંડો છે. તેનું પૂર્ણ થવું ઘણું જ કઠણ છે. પ્રતિદિન જે પણ તેમાં નાખવામાં આવે છે તે તેમાં સમાઈ જાય છે, પણ પૂર્ણ થતો નથી.

**ઉત્તમ આકિંચન્ય :** શરીર આદિથી મમત્વ રહિત વ્યક્તિ પરમ સંતોષને પ્રાપ્ત થાય છે. શરીર આદિમાં રાગ કરવાવાળો સદા સંસારમાં પરિભ્રમણ કરે છે.





**ઉત્તમ બ્રહ્મચર્ય :** બ્રહ્મચર્યનું પાલન કરવાવાળાને હિંસા આદિ દોષો લાગતા નથી. નિત્ય ગુરુકુળવાસીને ગુણસમ્પદાઓ પોતાની મેળે પ્રાપ્ત થાય છે. સ્ત્રીવિલાસ–વિભ્રમ આદિથી ઘવાયેલો જીવ અનેક પ્રકારના પાપોનો શિકાર બને છે. સંસારમાં અજિતેન્દ્રિયતા ઘણું અપમાન કરાવે છે.

આ પ્રમાણે ઉત્તમ ક્ષમા આદિ ગુણોનો તથા ક્રોધાદિ દોષોનો વિચાર કરવાથી ક્રોધાદિથી નિવૃત્તિ થતાં તેના નિમિત્તથી થતાં કર્મોનો આસ્રવ રોકાવાથી મહાન સંવર થાય છે.

—શ્રીમદ્ ભટ્ટાકલંકદેવ



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## જીવનું સામર્થ્ય

(કળશ-ટીકા કળશ ૪૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પરથી વિમુખ થઈને ને સ્વભાવથી સન્મુખ થઈને પોતાના ત્રિકાળી સ્વભાવનો અનુભવ થયો ત્યારથી સકળ પરદ્રવ્યનો જાણનારો થઈને શોભે છે, પોતાના જ્ઞાનાનંદ નિત્યાનંદ પ્રભુનો અનુભવ થયો ત્યારે સમસ્ત પરદ્રવ્યનો જાણનશીલ થવાથી શોભે છે, પરદ્રવ્યને પોતાના માનવા તે અશોભનિક છે. પરદ્રવ્યનો જાણનશીલ થવું એ મારી શોભા છે. ભગવાન આત્મા જ્યારે આત્મજ્ઞાન પામે છે ત્યારે સકળ જગતનો જાણનહાર છે. પોતાના સિવાય જે અનંતા જીવો, અનંતા સિદ્ધો ને અનંતા પરમાણુઓ છે તેનો સાક્ષી રહે છે. ચક્રવર્તીના રાજ્ય હોય તોપણ ધર્મી તો તેનો જાણનશીલ રહે છે અને તે તેની શોભા છે. જ્ઞાનીને રાગ આવે છે પણ જ્ઞાની તેનો જાણનશીલ છે, તેનો કર્તા નથી અને તે તેની શોભા છે.

વિકલ્પ આવ્યો અને શાસ્ત્રની રચના થઈ, તો કહે છે કે એ વિકલ્પોને પણ જાણનાર રહ્યો છે, સમસ્ત પરદ્રવ્યથી માંડીને રાગ સુધીનો જાણનાર છે, કર્તા થતો નથી તે તેની શોભા છે, શુદ્ધસ્વરૂપી ચૈતન્ય પોતે છે, તેનો અનુભવ કર્યો ત્યારથી પોતે કુટુમ્બ-પરિવારનો સાક્ષી છે. જગતનો સાક્ષી છે, સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જાણનશીલ રહે છે, સાક્ષી રહે છે પણ તે મારાં છે એમ માનતો નથી.

એ રીતે જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્ય—દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મથી એટલે કે આઠ જડ-કર્મ, પુણ્ય-પાપરૂપ ભાવકર્મ અને શરીર આદિ નોકર્મથી ધર્મી ઉદાસીન રહે છે. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય તે રાગ છે, તે ભાવકર્મ પરદ્રવ્ય છે, શુભ ઉપયોગ તે પરદ્રવ્ય છે, ધર્મી તેનાથી ઉદાસીન છે.

પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ, પરદ્રવ્યરૂપ ભાવકર્મ-દયા-દાન આદિ ભાવકર્મ અને

**બિન જાને ભી તુમ્હેં નમન કરનેસે જો ફલ ફલતા હૈ,**
**વહ ઔરોંકો દેવ માન, નમનેસે ભી નહિં મિલતા હૈ;** – શ્રી વિષાપહાર સ્તોત્ર

શરીરાદિ પ્રત્યે ઉદાસીન છે, કેમકે શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં તેને શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે. ધ્રુવને ધ્યાનમાં લઈ જ્યારે આત્માનો અનુભવ થયો ત્યારથી તે જીવ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને ઉપાદેય જાણતો હોવાથી રાગાદિ વિકલ્પ ઉઠે તેના પ્રત્યે ઉદાસીન છે.

કેવું છે જીવદ્રવ્ય ?—કે જેનું મૃત્યુ નથી ને જેની શરૂઆત નથી. આદિ નથી તેથી અનાદિ છે ને નાશ નથી તેથી અનિધન છે. વળી તે દુઃખથી રહિત છે. પુણ્યના ભાવ તે દુઃખરૂપ છે. દેવ-ગુરુ પ્રત્યેનો રાગ, શાસ્ત્ર પ્રત્યેની બુદ્ધિ તે બધાં દુઃખરૂપ છે, તેનાથી રહિત જીવદ્રવ્ય છે, કેમકે વિકલ્પમાત્ર તે દુઃખરૂપ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ છે ને ક્લેશથી નિવૃત્ત છે. કેમકે અતીન્દ્રિય આનંદના વેદનથી સહિત છે તેથી તે દુઃખના વેદનથી નિવૃત્ત છે. આનંદનું વેદન થયું તેથી તે દુઃખથી રહિત છે.

પુણ્યનો ભાવ ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે, વ્રત-ભક્તિ આદિ વિકલ્પ ઊઠે છે તે રાગ છે ને ક્લેશ છે. તે ક્લેશ કેવો છે ? કે ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે અને દયા-દાન આદિ ભાવ તે કર્મસ્વરૂપ છે, તે બંને એકરૂપ છે એવા સંસ્કાર વડે જૂઠા અનુભવથી 'જીવ કર્તા ને રાગ કાર્ય' એવી વિપરીત પ્રતીતિરૂપ ક્લેશ છે. રાગની સાથે એકતાબુદ્ધિ ઉત્પન્ન થઈ તે અજ્ઞાનથી થઈ છે તેથી તે અજ્ઞાન સ્વરૂપ જ છે.

શુભરાગ છે તે મારી ચીજ છે એવો અનાદિથી અભ્યાસ થઈ ગયો છે. આત્મા કરનારો ને શુભરાગ તેનું કર્મ એવી અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાની જીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે'—એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યાં છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે—જ્ઞાનનો અભ્યાસ છે.

કેવી છે જીવવસ્તુ ?—કે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ છે ખરાં, પણ તેનાથી સર્વથા ત્યાગબુદ્ધિ કરીને અને આનંદના નાથને ઉપાદેય કરીને શુદ્ધ ચિદ્રૂપને આસ્વાદતી જીવવસ્તુ છે. પોતાના આનંદસ્વરૂપને આસ્વાદતી અને વિદ્યમાન જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ પરવસ્તુ તેનો સર્વથા ત્યાગબુદ્ધિ કરતી જીવવસ્તુ છે.

(ક્રમશઃ) ❋

જ્યોં મરકતકો કાચ માનકર, કરગત કરનેવાલા નર,
સમઝ સુમણિ જો કાચ ગહે, ઉસકે સમ રહે ન ખાલી કર. ૨૭.



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૩૯)

આત્માની દશામાં જડ કર્મોના નિમિત્તે રાગ-દ્વેષ થાય છે; તે રાગ-દ્વેષ કાંઈ જડકર્મોમાં થતા નથી, તેમ જ આત્માના આખા સ્વરૂપમાં પણ તે રાગ-દ્વેષ થતા નથી, ક્ષણિક રાગ-દ્વેષ-મોહભાવ જેટલું આત્મસ્વરૂપ નથી; તે આત્મસ્વરૂપની અપેક્ષાએ આત્મામાં પણ રાગાદિ ભાવો થતા નથી.—આ દ્રવ્યદૃષ્ટિ છે અને દ્રવ્યદૃષ્ટિથી રાગાદિનો અભાવ છે. પર્યાયદૃષ્ટિથી ક્ષણિક અવસ્થામાં રાગાદિ થાય છે, તે હેય છે અને તે રહિત પરમશુદ્ધ આત્મા જ ઉપાદેય છે. આવા શ્રદ્ધાજ્ઞાન કરવા તે શુદ્ધભાવ છે ને તે મુક્તિનું કારણ છે.

આત્મા ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે. તેમાંથી ખસીને બહાર વલણ થાય ત્યારે પર્યાયમાં શુભભાવ થાય છે. એ શુભભાવથી પુણ્ય બંધાય છે, તે આત્મસ્વરૂપ નથી. તે પુણ્યના ફળમાં દેવ-ગુરુ-શાસ્ત્ર કે સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે બાહ્યસંયોગો મળે છે તે પણ આત્મસ્વરૂપ નથી. અને તે સંયોગો પ્રત્યે જે હર્ષભાવ થાય તે પણ આત્મસ્વરૂપ નથી. પુણ્ય, તેનું ફળ કે તેના ફળમાં હર્ષ એ ત્રણેની ઉપાધિરહિત આત્મસ્વભાવ છે. તેને નહિ જાણનાર અજ્ઞાની જીવ એમ માને છે કે હું આ પુણ્યભાવ કરું છું ને તેના હર્ષરૂપ ફળને હું ભોગવું છું, તેમ જ પુણ્યના ફળમાં મળેલા જડ પદાર્થોમાં મારું સુખ છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ જીવ વિકારરૂપે જ પોતાને અનુભવે છે. શુદ્ધજ્ઞાનચેતનાને અનુભવતો નથી પણ કર્મચેતનાને તથા કર્મફળચેતનાને અનુભવે છે; વિકારના કર્તા-ભોક્તાપણાથી રહિત આત્મસ્વભાવ છે તેને જાણતો નથી—માનતો નથી—અનુભવતો નથી.

જેમ પારકી ચીજને લેનાર ચોર છે—ડાકુ છે, તેમ જે પરવસ્તુને પોતાની માને તે મિથ્યાદૃષ્ટિ ચોર છે. પરવસ્તુને દેખીને હર્ષ કરવો તે પણ આત્માના ઘરની ચીજ નથી. તે હર્ષભાવને જે આત્માની ચીજ માનીને અંગીકાર કરે છે તે જીવ પરભાવોને પોતાના માને છે, તેથી ચોર છે—અધર્મી છે. ધર્મી જીવોને પણ અવસ્થામાં હર્ષ વગેરે ભાવ થાય, પણ તે ભાવને ધર્મી જીવો પોતાનું સ્વરૂપ માનતા નથી એટલે કે તે ભાવમાં એકતા કરતા નથી

> **વિશદ મનોજ્ઞ બોલનેવાલે, પંડિત જો કહલાતે હૈં,**
> **ક્રોધાદિકસે જલે હુએકો, વે યોં 'દેવ' બતાતે હૈં;**

પણ તે–રહિત ચૈતન્યસ્વભાવમાં એકતા કરે છે. શુભપરિણતિ થાય તેને જાણે ખરા, પણ તેને આત્મામાં ઉપાદેય માનતા નથી, તેથી તેના બાહ્યફળને તેમજ તેમાં હર્ષ થાય તેને પણ તેઓ પોતાના સ્વરૂપમાં માનતા નથી. સર્વ વિભાવરહિત, ત્રિકાળ એકસ્વરૂપ સ્વભાવનો જ તેમને આદર છે, ને ક્ષણિકભાવો, વિકારભાવો કે પર પદાર્થોનો તેમને આદર નથી અર્થાત્ તેમના ઉપર દૃષ્ટિ નથી. રાગાદિભાવો અને અપૂર્ણતા વખતે જ આત્માનો સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ છે તેની અહીં શ્રદ્ધા કરાવે છે; કેમ કે તેની શ્રદ્ધા વગર ધર્મની શરૂઆત થતી નથી. જે જીવ શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા કરતો નથી અને શુભરાગને આદરણીય માને છે તે જીવ તેના ફળરૂપ લક્ષ્મી વગેરે પરદ્રવ્યોમાં એકત્વબુદ્ધિ કરે છે તેમ જ હર્ષભાવને જ પોતાનું સ્વરૂપ માનીને ભોગવે છે. એને 'શુદ્ધભાવ'ની (–નિરુપાધિ પારિણામિકભાવની) શ્રદ્ધા નથી તેથી તેને પર્યાયમાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધભાવ પ્રગટતો નથી એટલે કે તેને ધર્મ થતો નથી.

પોતાના સ્વભાવના કારણે રાગ થતો નથી, પરના આશ્રયે જ રાગ થાય છે; તેથી તે રાગ આત્માનો સ્વભાવ નથી, અને તેના ફળરૂપ જે હર્ષસ્થાનો તે પણ આત્માના સ્વરૂપમાં નથી. માટે હે ભાઈ! હર્ષ વગેરે ક્ષણિકભાવો રહિત તારો ત્રિકાળી સ્વભાવ શું છે?—કે જે ક્ષણિક હર્ષભાવની ઉત્પત્તિ પહેલાં પણ એવો ને એવો હતો, ક્ષણિક હર્ષભાવ વખતે પણ એવો જ છે અને ક્ષણિક હર્ષભાવના નાશ પછી પણ પોતે એવો જ રહે છે,–તે સ્વભાવને તું ઓળખ અને એનો જ આદર કર,—જેથી તારા સંસારના છેડા આવે!

આ ગાથામાં આચાર્યભગવાન શુદ્ધ આત્માનું વર્ણન કરે છે. આત્મા ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ જેટલો ક્ષણિક નથી, તેમ જ તેનામાં માન-અપમાન વગેરે ભાવો કે હર્ષભાવો નથી.–એનું વર્ણન કર્યું. અહર્ષભાવો પણ આત્મામાં નથી એમ હવે કહે છે. 'આત્માના સ્વભાવમાં અશુભપરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મોનો અભાવ છે, અશુભકર્મોનો અભાવ હોવાથી દુઃખનો અભાવ છે અને દુઃખના અભાવને લીધે અહર્ષસ્થાનો જીવને નથી.'—આવા જીવને જે માને તે જ ધર્મી છે.

આ ભગવાન આત્માની અવસ્થામાં જે હિંસા-ચોરી વગેરે પાપભાવો થાય છે તે ક્ષણિક અશુભપરિણતિ છે, આખો આત્મા તેવો થઈ ગયો નથી. માટે આખા આત્મામાં તે અશુભભાવો નથી. જેમ ખાણમાં હીરા કે કોલસા ભરેલા હોય તેમ આત્મામાં કાંઈ શુભ કે અશુભભાવો ભરેલા નથી. તે ભાવો તો નવી કૃતિ છે, તે બહારના લક્ષે એકેક

**જૈસે 'બુઝે હુએ' દીપકકો, 'બઢા હુઆ' સબ કહતે હૈં,**
**ઔર કપાલ બિઘટ જાનેકો, 'મંગલ હુઆ' સમઝતે હૈં. ૨૮.**

સમયપૂરતા નવા થાય છે ને બીજા સમયે નાશ પામે છે; પણ તેની જેમ આત્મસ્વભાવ કાંઈ નવો થતો નથી કે નાશ પામતો નથી. માટે આત્માના સ્વભાવમાં તે વિકારભાવોનો અભાવ છે. આવા પોતાના સ્વરૂપને ધર્મી જીવો માને છે, એક સમયપૂરતા વિકારભાવને ધર્મી જીવો પોતાનું સ્વરૂપ માનતા નથી. ધર્મી જીવોની સાચી દૃષ્ટિમાં સદાય શુદ્ધ આત્મસ્વભાવની જ હયાતી છે ને વિકારનો અભાવ છે.—આવી દૃષ્ટિ તે જ મોક્ષનો ઉપાય છે.

પોતાનો આત્મા સિદ્ધભગવાન જેવો પરિપૂર્ણ છે, વિકાર રહિત છે—એમ જાણીને, અને એ જ ઉપાદેય છે એમ નક્કી કરીને ધર્મી જીવો તે શુદ્ધાત્માના ધ્યાનવડે વિકારનો નાશ કરે છે. જેવા સિદ્ધપ્રભુ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે, પર્યાયમાં વિકાર હોવા છતાં અત્યારે જ સિદ્ધભગવાન જેવો સ્વભાવ છે. જો અત્યારે આત્મા પુણ્ય-પાપરહિત સિદ્ધભગવાન જેવો ન હોય તો, પછીના સમયે વિકાર ટાળીને સિદ્ધદશા પ્રગટી શકે નહિ. જે જીવ પોતાને સિદ્ધ જેવો ન માને અને વિકારી જ માને તે જીવ સદા વિકારી જ રહે છે. જે જીવ પોતાને સિદ્ધ જેવો માને અને વિકારી ન માને તે જીવ સ્વભાવની શ્રદ્ધાના જોરે વિકારનો ક્ષય કરીને સિદ્ધ થાય છે. પુણ્યપાપ ટાળીને સિદ્ધદશા પ્રગટે છે, એ ઉપરથી નક્કી થાય છે કે પુણ્ય-પાપ વખતે પણ આત્મા સિદ્ધ જેવો છે, પુણ્ય-પાપ તેનું સ્વરૂપ નથી, આત્મદ્રવ્યમાં પુણ્ય-પાપ નથી. આવા આત્મદ્રવ્યને જ્ઞાનમાં જ્યાંસુધી બરાબર નક્કી ન કરે ત્યાં સુધી જીવને સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન વગર ભવભ્રમણ અટકે નહિ.

આત્મસ્વભાવમાં અશુભપરિણતિ નથી. અવસ્થામાં અશુભભાવ થાય છે તે આત્માનું સ્વરૂપ નથી. અને તેના નિમિત્તે જે પાપકર્મો બંધાય છે તે તો જડ છે, તેનો પણ આત્મામાં અભાવ છે. જગતના જડ પરમાણુઓમાં પાપકર્મરૂપ પરિણમન છે ખરું, પણ આત્મામાં તેનો અભાવ છે. એક વસ્તુમાં બીજી વસ્તુ પેસી શકતી નથી, સ્વતંત્ર રહેવાનો દરેક વસ્તુનો સ્વભાવ છે. જેમ પાણી અને કાંકરા ભેગા રહે છતાં પાણી કાંકરારૂપે થઈ જતું નથી ને કાંકરા પાણીરૂપે થઈ જતા નથી, અથવા તો જેમ દૂધ અને પાણી એક જગ્યાએ રહેલા હોવા છતાં ખરેખર તે દૂધ અને પાણી જુદા જુદા સ્વરૂપે જ રહ્યા છે, તેમ આત્મા અને કર્મો એક જગ્યાએ રહેલા હોવા છતાં બંને પોતપોતાના સ્વરૂપે જુદા જ છે—આત્મા કદી જડરૂપે થતો નથી ને જડકર્મો કદી આત્મારૂપે થતા નથી; તેમ જ શરીરથી પણ આત્મા જુદો જ છે. (ક્રમશઃ) ✻

નયપ્રમાણયુત અતિહિતકારી, વચન આપકે કહે હુએ,
સુનકર શ્રોતાજન તત્ત્વોંકે, પરિશીલન મેં લગે હુએ;



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**जो अत्थो पडिसमयं उप्पादव्वयध्रुवत्तसब्भावो ।**
**गुणपज्जयपरिणामो सो संतो भण्णदे समये ।।२३७।।**

અર્થ :—અર્થ એટલે વસ્તુ છે; તે સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણાના સ્વભાવરૂપ છે; અને તેને ગુણ-પર્યાયપરિણામસ્વરૂપ સત્ત્વ સિદ્ધાંતમાં કહ્યું છે.

પરમાણુ સજાતીય બંધરૂપ પરિણમિત થાય, વિજાતીય બંધરૂપ પરિણમિત થાય અથવા પૃથક્‌રૂપથી પરિણમિત થાય; તે પોતાના કારણે છે. એક સમયની પર્યાય પરતંત્ર માનવામાં આવે તો તેનો ત્રિકાળી સામાન્ય પણ સ્વતંત્ર નહીં રહે અને સામાન્યગુણ સ્વતંત્ર નહીં રહે તો અનંતગુણોનો આધાર દ્રવ્ય પણ સ્વતંત્ર નહીં રહે પણ એવું ક્યારેય થતું નથી.

કોઈ કહે કે જો પ્રબળ નિમિત્ત આવી જાય તો આત્માને વિભાવરૂપે પરિણમિત થવું પડે છે પરંતુ આ વાત ખોટી છે. હકીકતમાં જીવ પોતાની નબળાઈથી પરાશ્રયરૂપ-વિભાવરૂપ પરિણમિત થાય છે; તેને અન્ય કોઈ પરિણમિત કરાવવાવાળું નથી. પરિણમિત થવાવાળાને કોણ પરિણમન કરાવે અને જે પરિણમન થવામાં અયોગ્ય છે તેને પણ કોણ પરિણમિત કરાવે ?

નિમિત્ત-નૈમિત્તિકમાં પણ પરસ્પર અલગપણું છે, સ્વતંત્ર છે અને જેની દૃષ્ટિ થઈ છે તે પણ સ્વ-પરને સ્વતંત્ર જુએ છે. મિથ્યાદૃષ્ટિ પોતાની પરાધીન દૃષ્ટિમાં બધાને સંયોગથી જુએ છે. જુઓ આ લાકડીમાં ઉપરના પરમાણુ, નીચેના પરમાણુના આધારે રહ્યા નથી, તોપણ અન્યોન્યાધાર કહેવું ઉપચરિત કથન છે. ખરેખર તો દરેક દ્રવ્યમાં કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન અને અધિકરણ—આ છએ કારણ સ્વતંત્ર છે.

નિમિત્તના આધારે અન્ય વસ્તુ છે—એવી દૃષ્ટિવાળો પરાધીનદૃષ્ટિથી જુએ છે અને આ પ્રમાણે સર્વ જગ્યાએ પરતંત્રતા જોવાવાળો વ્રતાદિનું પાલન કરે, તે સમયે પણ અધર્મ કરે છે. ભાવલિંગી મુનિને કોઈ ઉપસર્ગ આવી જાય તો તે સમયે પણ તેઓ સ્વરૂપમાં લીન થઈને શુક્લધ્યાનશ્રેણીથી પરમસુખને ભોગતા થકા, મોક્ષને પ્રાપ્ત કરી લે

વક્તાકા નિર્દોષપના જાનેંગે, ક્યોં નહિં હે ગુણમાલ,
જ્વરવિમુક્ત જાના જાતા હૈ, સ્વર પરસે સહજહિ તત્કાલ. ૨૯.

છે. તેમને ક્યારેય સંયોગનું બળ નથી. કથન ભલે ઉપચારથી હોય પણ કાર્ય તો એક પ્રકારે પોતાથી જ થાય છે. જે કાળમાં, જે ક્ષેત્રમાં, જે પ્રકારે કાર્ય થવાયોગ્ય છે, તે તેજ પ્રમાણે થાય છે. તેને કોઈ નિમિત્ત અન્યરૂપે પરિણમિત કરાવી દે—એવું ત્રણકાળમાં થતું નથી. નિમિત્તથી કાર્ય થતું હોત તો નિમિત્તિક અલગ ન રહેત. ઉપાદાન-ઉપાદેય પર્યાયરૂપ હોય તો અન્ય વસ્તુને નિમિત્તરૂપ ઉપચાર કારણ કહેવામાં આવે છે, નિમિત્તથી કથન કરવું વ્યવહાર છે.

ભાઈ ! સર્વપ્રથમ નિશ્ચયનો સ્વીકાર કર્યા બાદ સંયોગનું જ્ઞાન કરવું જોઈએ. ઠમણી ઉપર પુસ્તક છે, આ વ્યવહાર કથન છે, મુખ્ય અનુપચાર નિશ્ચયનો સ્વીકાર કર્યા વગર ઉપચારનું કથન અસત્ય છે. સંયોગથી વસ્તુને જોવાવાળો વસ્તુના મૂળ સ્વભાવને ભૂલી જાય છે.

ભાઈ ! સમ્યગ્દર્શન જ ધર્મનું મૂળ છે અને તે સહિત ચારિત્ર, તે ધર્મ છે. શુદ્ધસ્વભાવનો નિર્ણય કારણ છે અને સમ્યક્ અનુભૂતિ કાર્ય છે.

હવે દ્રવ્યોના ઉત્પાદ-વ્યય તે શું છે? તે કહે છે :—

**पडिसमयं परिणामो पुव्वो णस्सेदि जायदे अण्णो ।**
**वत्थुविणासो पढमो उववादो भण्णदे बिंदिओ ।।२३८।।**

અર્થ :—વસ્તુના પરિણામ સમયે સમયે પ્રથમનો તો વિણસે છે અને અન્ય ઊપજે છે; ત્યાં પહેલા પરિણામરૂપ વસ્તુનો તો નાશ-વ્યય છે તથા અન્ય બીજો પરિણામ ઉપજ્યો તેને ઉત્પાદ કહીએ છીએ. એ પ્રમાણે ઉત્પાદ-વ્યય થાય છે.

પહેલાં તો વસ્તુના પરિણામ દરેક સમયે પોતાના જ કારણે ઉત્પન્ન-નાશ પામે છે. જડ-ચેતન દરેક દ્રવ્ય પોતાની અનંત શક્તિઓથી પરિપૂર્ણ ઈશ્વર છે; જડદ્રવ્ય પણ જડેશ્વર છે.

દરેક પર્યાયનો ઉત્પાદકાળ એક સમયનો છે. વ્યંજનપર્યાય પણ એક-એક સમયની છે, દરેક સમયે નવી-નવી થાય છે, અને ઘણા સમય સુધી એકસમાન દેખાય છે—આ અપેક્ષાએ ધવલામાં મિથ્યાત્વને સ્થૂળ ઋજુસૂત્રનયની અપેક્ષાએ વ્યંજનપર્યાય કહેલ છે. વાસ્તવમાં તો મિથ્યાત્વ અર્થપર્યાય છે અને સમ્યગ્દર્શન પણ અર્થપર્યાય છે.

દરેક સમયે નવી પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયનો વ્યય થાય છે—આમ

**યદ્યપિ જગકે કિસી વિષયમેં અભિલાષા તવ રહી નહીં,**
**તૌ ભી વિમલ વાણિ તબ ખિરતી, યદા કદાચિત્ કહીં કહીં;**

સ્વતંત્ર પરિણમનશક્તિથી દરેક દ્રવ્ય પરિણમિત થાય છે. સ્વયંભૂસ્તોત્રમાં શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિમાં કહ્યું છે કે હે ભગવાન ! એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સત્‌ના ત્રણ અંશ તથા દરેક પર્યાયની સ્વતંત્રતા આપે જ દર્શાવી છે, તે જ આપની સર્વજ્ઞતા બતાવે છે; માટે હે નાથ ! આપ વક્તાઓમાં ઉત્તમ છો. સર્વજ્ઞતા વિના દરેક સમયની સ્વતંત્રતાનું કથન સંભવી શકે જ નહીં.

જો સર્વજ્ઞનો નિર્ણય કરે તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. સર્વજ્ઞતા ક્યાંથી પ્રગટ થઈ ? રાગ, નિમિત્ત અથવા અલ્પજ્ઞતા, મારું મૂળ સ્વરૂપ નથી. મારા ધ્રુવ-જ્ઞાનાનંદસ્વભાવમાંથી સર્વજ્ઞતા પ્રગટ થાય છે; આ પ્રમાણે જેણે જ્ઞાનસ્વભાવની સન્મુખ પ્રતીતિ થઈ, તેણે જ હકીકતમાં સર્વજ્ઞને માન્યા કહેવામાં આવે છે.

દરેક પદાર્થ દરેક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે—આવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ સિવાય અન્ય કોઈ જાણવા સમર્થ નથી. જગતમાં મહાવિદેહક્ષેત્ર, અસંખ્યાત દ્વીપ-સમુદ્ર-નરક-સ્વર્ગ આદિ બધું છે; તેને નહીં માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે, તેણે સર્વજ્ઞને પણ માન્યા નથી. પોતાની અલ્પજ્ઞતાને લીધે તે પદાર્થ દૃશ્યમાન નથી; આ કારણે તેનો નિષેધ સંભવ નથી. સર્વજ્ઞદેવે જે જોયું અને કહ્યું છે, તે જ સંતોએ કહ્યું અને સમ્યગ્દૃષ્ટિ પણ તેમજ કહે છે. કોઈ કહે કે મહાવિદેહક્ષેત્ર અને સીમંધર ભગવાન અમને દેખાતા નથી; માટે નથી તો આવી નાસ્તિકતાની વાત ધર્મી જીવ સાંભળી શકતો નથી. જગતના પદાર્થ સત્‌ છે, મહાવિદેહક્ષેત્ર છે, સીમંધર ભગવાન છે; પોતાના જ્ઞાનની અલ્પજ્ઞતાને લીધે તે નજરે ન દેખાય તો તે સત્‌ પદાર્થોનો નિષેધ થઈ જતો નથી.

અહીં તો જગતના સમસ્ત પદાર્થોના સ્વરૂપનું વર્ણન ચાલી રહ્યું છે. જગતના દરેક પદાર્થ પ્રત્યેક સમયે પરિણમિત થાય છે. પર્યાય અપેક્ષાથી સંપૂર્ણ વસ્તુ જ પરિણમે છે; ઘંટીના બે પાટની જેમ એક ભાગ સર્વથા કૂટસ્થ અને બીજો ભાગ પરિણમન—એમ બે ભાગ અલગ-અલગ નથી. પરંતુ વસ્તુ સ્વયં પર્યાયરૂપે પલટે છે. પદાર્થ અને પર્યાય સર્વથા ભિન્ન-ભિન્ન નથી. વસ્તુ પોતે પર્યાય અપેક્ષાએ ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે તથા ધ્રુવ પણ રહે છે. આ વાત છદ્મસ્થ દરેક સમયને અલગ કરીને પકડી ન શકે પરંતુ સર્વજ્ઞદેવે કહ્યા અનુસાર પદાર્થનો નિર્ણય તો કરે છે. સ્વભાવના ભાનપૂર્વક પદાર્થના આવા સ્વરૂપને જ્ઞાની જ જાણે છે. આમ નિશ્ચયસ્વરૂપના ભાન વિના વ્યવહાર કોને કહેવો ?—તેની પણ અજ્ઞાનીને ખબર નથી. જો અસંખ્યાત દ્વીપ-સમુદ્ર ન માનવામાં આવે તો અઢી દ્વીપની બહાર અસંખ્યાત તિર્યંચ પંચમ ગુણસ્થાનવર્તી છે, આ વાત અસત્ય થઈ જાય; સાથે જ આગમ અને સર્વજ્ઞતા પણ મિથ્યા સિદ્ધ થશે. (ક્રમશઃ) ❊

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૫, ગાથા - ૧૭)

## જ્ઞાની રુચિપૂર્વક ભોગ ભોગવતા જ નથી

ધર્મીને વિવેક વર્તે છે કે મારા આત્માની મેં શ્રદ્ધા અને જ્ઞાન કર્યું છે તેના ફળમાં મને શાંતિ છે અને આ પુણ્ય-પાપના ભાવ થાય છે તેનું મને દુઃખ થાય છે. જડની ક્રિયાને જડપણે, રાગની ક્રિયાને વિભાવિક ક્રિયાપણે અને સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનમાં એકાકારપણું તેને સ્વાભાવિક ક્રિયાપણે જ્ઞાની બરાબર જાણે છે. ૧. જડની ક્રિયા ૨. વિભાવિક ક્રિયા અને ૩. સ્વભાવિક ક્રિયા આ ત્રણ પ્રકારની ક્રિયાને જ્ઞાની બરાબર જુદી જુદી જાણે છે. જ્યારે અજ્ઞાનીને કઈ ક્રિયા મારી ને કઈ ક્રિયા પરની, કઈ ક્રિયા વિભાવની અને કઈ ક્રિયા સ્વભાવની એવી કાંઈ ખબર નથી. તે તો બધી ક્રિયાને પોતાની ક્રિયા માની ખીચડો કરે છે.

હું પવિત્ર શુદ્ધાત્મા છું, તેનું સાધન પણ નિશ્ચયથી મારો સ્વભાવ જ છે અને પુણ્ય આદિના પરિણામ તે વ્યવહાર નિમિત્ત તરીકે સાધન છે. ખરેખર તો પુણ્યના પરિણામ પણ બંધનું સાધક છે—બંધનું કારણ છે આવો વિવેક જ્ઞાનીને બરાબર વર્તે છે.

પહેલાં આત્માની ઓળખાણરૂપ સમ્યગ્દર્શન થાય, પછી વ્રતાદિના પરિણામ આવે, પછી આત્મામાં વિશેષ સ્થિરતારૂપ મુનિપણું આવે પછી કેવળજ્ઞાન અને મોક્ષ થાય એવા મોક્ષમાર્ગના ક્રમને જ્ઞાની બરાબર જાણે છે. અજ્ઞાનીને તેનું યથાર્થ ભાન નથી.

અહો ! એક સ્વરૂપે બિરાજમાન મહાપ્રભુની દૃષ્ટિ વિના મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી. સમ્યગ્દર્શન થયા પછી એક ધડાકે ભોગો છૂટી જતા નથી. અસ્થિરતાનો રાગ રહે છે એ પણ છોડવાલાયક છે. પુણ્ય-પાપના પરિણામમાં રોકતાં મારી શાંતિ લૂંટાય છે, મારું વીર્ય તેમાં ખર્ચાઈ જાય છે, તેનો વિવેક જ્ઞાનીને વર્તે છે. આત્માનો, ધર્મ કરતાં સાથે પુણ્ય પણ હોય, તેનો બંધ થાય, તેના ફળમાં સ્વર્ગ પણ મળે. જ્યાં સો કળશી અનાજ પાકે ત્યાં ભેગું સો ભરોટા ખડ પણ થાય. એમ જ્ઞાની ધર્મના ફળ સાથે પુણ્ય-પાપના ફળને પણ બરાબર જાણે છે. પોતાની દશાને જ્ઞાની જાણે છે કે મને ધર્મની શરૂઆત થઈ પણ મારી અવસ્થાના પ્રમાણમાં હું ભોગ છોડી શકતો નથી. ભોગ

એસા હી કુછ હૈ નિયોગ યહ, જૈસે પૂર્ણચન્દ્ર જિનદેવ,
જ્વાર બઢાનેકો ન ઊગતા, કિન્તુ ઉદિત હોતા સ્વયમેવ. ૩૦.

ભોગવવાના ભાવ આવે છે તેટલો મને રાગ રહ્યો છે એટલી વીતરાગતા ઓછી છે એમ પોતાની દશાનું જ્ઞાનીને જ્ઞાન છે.

મારો સ્વભાવ તે મારો મિત્ર છે અને મારો વિભાવ ભાવ તે જ મારો શત્રુ છે એમ જ્ઞાની માને છે. દેશ-કાળને જાણીને જ્ઞાની વર્તે છે. આ દેશ કેવો છે, આ કાળ કેવો છે, એમાં હું મારું કેટલું કરી શકું તેમ છું, એમ દેશ-કાળનો વિચાર કરીને જ્ઞાની પ્રવર્તે છે. અજ્ઞાની મૂર્ખ પોતાની ક્રિયાને ઓળખતો નથી, તેના ફળને જાણતો નથી, મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી, સ્વભાવના સાધનને ઓળખતો નથી, દેશ-કાળની સ્થિતિ વિચારીને વર્તતો નથી, પરને પોતાના શત્રુ માને છે. મારો સ્વભાવ મિત્ર ને મારો વિભાવ મારો શત્રુ એવું ભાન અજ્ઞાની મૂર્ખને હોતું નથી.

ભોગ ભોગવવા મોટું દુઃખ છે, પણ ભોગ ભોગવતાં ભોગવતાં તૃષ્ણા ઘટવાને બદલે વધતી જાય છે તેથી ભોગ છોડવા પણ ગમતા નથી. લોલુપતા અંદર રહ્યા કરે છે. લોકો કહે છે કે 'આવ્યું પોસાય પણ ગયું ગોઠતું નથી' તેમ ભોગ ભોગવવા ગમે છે પણ છોડવા ગમતા નથી. આચાર્યદેવ કહે છે કે આવા કષ્ટદાયક ભોગોને કોણ બુદ્ધિશાળી ભોગવે ? આત્માના આનંદને છોડીને ભોગોમાં રુચિ કોણ કરે ?

જુઓ ! આ ધર્મની રીત કહે છે. ભાઈ ! શરીર, વાણી, મનની ક્રિયાઓ તે ધર્મ નહિ, અંદરમાં પુણ્ય-પાપના ભાવ તે ધર્મ નહિ. આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા તે ધર્મ છે. તે ધર્માત્માને મુક્તિનો આપનાર માર્ગ છે, એ સિવાય બીજો કોઈ મુક્તિમાર્ગ નથી.

भवन्ति प्राप्य यत्संगमशुचीनि शुचीन्यपि ।
स कायः संततापायस्तदर्थं प्रार्थना वृथा ।।१८।।

શુચિ પદાર્થ જસ સંગથી, મહા અશુચિ થઈ જાય,
વિઘ્નરૂપ તસ કાય હિત, ઈચ્છા વ્યર્થ જણાય. ૧૮.

હવે આચાર્યદેવ વિશેષ કહે છે કે હે જીવ ! તું આવા કષ્ટો કોના માટે સહન કરે છે ! જેના માટે તું આવા દુઃખ વેઠે છે તે શરીર કેવું છે ? શેનું બનેલું છે ? તેનો વિચાર કર. આ શરીર તો પુદ્ગલના પરમાણુનો પિંડ છે. એ પરમાણુ કોઈ વિષ્ટામાંથી, કોઈ

हे प्रभु; तेरे गुण प्रसिद्ध है, परमोत्तम है, गहरे है,
वहु प्रकार है, पार रहित है, निज स्वभावमें ठहरे है,

સડેલા કૂતરામાંથી, કોઈ ઉકરડામાંથી એમ જુદી જુદી જગ્યાએથી આવીને ભેગા થયેલા સ્કંધરૂપે બનેલા પરમાણુનો તે પિંડ છે. અરે ! અનેકવાર તે વમી નાખેલા પરમાણુના પિંડનું આ શરીર બન્યું છે. તે પાછું થોડો સમય રહીને વળી ફૂ થઈને પલટાઈ જશે.

દુશ્મનનો આત્મા મરીને પોતાના દીકરો થાય અને તેના શરીરના રજકણો અહીં આવે ત્યાં તો તે પ્રેમ કરવા માંડે. અરે પ્રભુ ! આ તું શું કરે છે ? તું તો નિરાલંબી પદાર્થ છો ને ! તું તારામાં પ્રેમ કર ને ! સંયોગી વસ્તુના પ્રેમમાં પડ્યો છે પણ એ કેટલા સમયનો સંયોગ છે ? અરે પ્રભુ ! તું ત્રણલોકનો નાથ ! કણ કણનો ભિખારી થઈને ભમે છે, તને શરમ નથી આવતી ! ઈન્દ્રો ચળાવવા આવે તોપણ તું ચળે નહિ એવી તારી જાત છે પ્રભુ ! એને બદલે તું અપવિત્ર શરીરના પ્રેમમાં કેમ ચલાયમાન થઈ રહ્યો છે ? આ શરીર તો એટલું અપવિત્ર છે કે પવિત્ર વસ્તુને પણ ક્ષણમાં અપવિત્ર બનાવી દે છે, અને તું આવો પવિત્ર છો કે બીજી વસ્તુને પણ તારો સંગ પવિત્ર બનાવી દે છે, એવો પવિત્ર તું ! તને અપવિત્ર શરીરનો પ્રેમ કરતાં લજ્જા નથી આવતી ? ઊલટી હોંશ કરે છે ?


આચાર્યદેવ કહે છે કે શરીર ત્રણ પ્રકારે અપવિત્ર છે. એક તો શરીરની ઉત્પત્તિ અપવિત્ર છે. લોહી અને વીર્યથી શરીરની ઉત્પત્તિ થાય છે. વર્તમાનમાં પણ અપવિત્ર હાડકાં, ચામડાં અને લોહી એ બીજું અને ત્રીજું આ શરીરનો સંગ કરે તેને પણ તે અપવિત્ર બનાવે છે. ચાર શેર ઘીનો બનાવેલો મેસૂબ ખાય એટલે બીજા દિવસે વિષ્ટા થઈને નીકળે એવો આ અપવિત્ર બનાવવાનો સંચો છે. માટે કહે છે કે શરીરની ઉત્પત્તિ પણ અપવિત્ર, વર્તમાનમાં પણ અપવિત્ર અને તેનો સંગ કરનાર પણ અપવિત્ર બને. હવે તેની સામે આચાર્યદેવ કહે છે કે તું પોતે પવિત્રતાનો પિંડ છો, તેમા એકાગ્રતા કરે તો વર્તમાનદશા પણ પવિત્ર થાય અને તું દુનિયાને સમજાવ તો તે પણ તારા નિમિત્તે પવિત્ર બને એવો આત્મા તું છો, પ્રભુ ! તું ત્રણલોકનો નાથ ભગવાન ! તને આ અપવિત્ર શરીર સાથે કેમ ગમે છે ? આમ કહીને આચાર્યદેવ વૈરાગ્ય કરાવે છે.

આ શરીર હંમેશા અનર્થ, ઉપદ્રવ, ઝંઝટ, વિઘ્નો અને વિનાશથી સહિત છે માટે તેની સાથે ભોગ ભોગવવાની ઈચ્છા કરવી વ્યર્થ છે, દુઃખકર છે માટે પરમ પવિત્ર આત્માને ભોગવવાની ચાહના કર ! (ક્રમશઃ) ❋

**સ્તુતિ કરતે કરતે યોં દેખા, છોર ગુણોંકા આખિરમેં,**
**ઇનમેં જો નહિં કહા, રહા વહ, ઔર કૌન ગુણ જાહિર મેં ૩૧.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા – ૭)


### તિર્યંચગતિનાં દુઃખોનું વિશેષ કથન

મિથ્યાત્વાદિના સેવનથી સંસારમાં ચારેગતિમાં જીવ જે અનંત દુઃખ પામે છે તે બતાવીને, તેનાથી છૂટવાનો ઉપાય કરવા માટે સંતોએ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. તિર્યંચપણામાં જીવ કેવાં દુઃખ પામ્યો તેનું કથન ચાલે છે.

कबहूँ आप भयो बलहीन, सबलीन करि खायो अतिदीन।
छेदन भेदन भूख पियास, भारवहन हिम आतप त्रास ॥७॥

પોતે જ્યારે સિંહાદિક બળવાન પશુ થયો ત્યારે નિર્બળ પ્રાણીઓને ક્રૂરપણે મારી




ખાધા; અને જ્યારે પોતે નિર્બળ પશુ થયો ત્યારે બીજા બળવાન પશુઓ તેને ખાઈ ગયા; એની પાસે જોર ચાલે નહિ એટલે અત્યંત દીનપણે ભક્ષ્ય થઈ ગયો. બિચારું સસલું કે બકરાનું બચ્ચું મોટા સિંહના મોઢામાં પડ્યું હોય તે કેવું દીન થઈને મરે? વળી કોઈ કસાઈ વગેરે એને છરાથી છેદી નાંખે, ભેદીને કટકા કરી નાંખે, ખાવા-પીવાનું મળે નહિ, અસહ્ય ભાર ઉપાડવો પડે, ને ગમે તેવી ઠંડી-ગરમીનાં ત્રાસ સહન કરવા પડે.—આમ દુઃખમાં ને દુઃખમાં ભવ પૂરો કરી નાંખે. એમાં વળી કોઈ જીવની પાત્રતા હોય તો ભગવાનનો કે મુનિ વગેરેનો ઉપદેશ મળી જાય ને ધર્મ પામી જાય. પણ અહીં તો અજ્ઞાનથી સંસારમાં જે દુઃખ સહન કરી રહ્યો છે તેની વાત છે. જેણે જ્ઞાન કર્યું તે તો મોક્ષમાર્ગી થઈ ગયો...એ તો આનંદનો અનુભવ કરતો કરતો મોક્ષને સાધશે. ચારે ગતિમાં જે ધર્માત્મા જીવો છે તેને આ દુઃખનું વર્ણન લાગુ નથી પડતું, કેમકે આ તો મિથ્યાત્વના કારણે થતા દુઃખની કથા છે. ધર્મી જીવો પૂર્વે ધર્મ પામ્યા પહેલાં આવા

કિન્તુ ન કેવલ સ્તુતિ કરનેસે, મિલતા હૈ નિજ અભિમત ફલ,
ઇસસે પ્રભુકો ભક્તિભાવસે, ભજતા હું, પ્રતિદિન પ્રતિપાલ;

દુ:ખ ભોગવી ચૂક્યા છે, પણ હવે તો સમ્યક્ત્વાદિ પ્રગટ કરીને સુખના પંથે ચડ્યા છે....એટલે એમની તો બલિહારી છે. તેઓ તો દુ:ખહારી અને સુખકારી એવા વીતરાગવિજ્ઞાન વડે મોક્ષને સાધી રહ્યા છે.

આ પહેલા અધ્યાયમાં મનુષ્ય–દેવ સહિત ચારે ગતિનાં દુ:ખો બતાવીને પછી બીજા અધ્યાયમાં કહેશે કે—

**'ઐસે મિથ્યા–દગ–જ્ઞાન–ચર્ણ–વશ, ભ્રમત ભરત દુ:ખ જન્મ–મર્ણ.'**

ચારગતિનાં આવા ઘોર દુ:ખો જીવ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને લીધે ભોગવે છે; માટે યથાર્થ જ્ઞાન કરીને તે મિથ્યાત્વાદિને છોડવા જોઈએ. નિજસ્વરૂપને સમજ્યા વિના જીવ અનંત દુ:ખ પામ્યો એટલે નિજસ્વરૂપની સમજણ કરવી તે જ દુ:ખથી છૂટવાનો ઉપાય છે. સ્વરૂપની અણસમજણથી અનંત દુ:ખ, ને સ્વરૂપની સાચી સમજણનું ફળ અનંત સુખ.

સ્વરૂપને નહિ સમજનાર જીવ ચાર ગતિમાં દુ:ખી જ છે, એને ક્યાંય સુખનો છાંટોય નથી. અજ્ઞાનમાં સુખ ક્યાંથી હોય? આ કાંઈ બીવડાવવા માટે દુ:ખ નથી દેખાડતા, પણ યથાર્થપણે જે દુ:ખ જીવ ભોગવી રહ્યો છે તે બતાવે છે. જો આવા દુ:ખોથી ખરેખર ભયભીત થાય તો તેના કારણરૂપ મિથ્યાભાવને છોડે ને સુખના ઉપાયરૂપ સમ્યક્ત્વાદિનો ઉદ્યમ કરે.

શરીર છેદાય ત્યાં ત્રાસ પામે છે કે હાય, હું છેદાઈ ગયો! શરીરનું છેદાવું તે તો કાંઈ દુ:ખ નથી, પણ એની નજર તો દેહ ઉપર જ પડી છે, દેહથી જુદું પોતાનું અસ્તિત્વ છે તે તો લક્ષમાં આવ્યું નથી.—

**છેદાવ, વા ભેદાવ વા, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે.**

(સમયસાર ગાથા–૨૦૯)

શરીરના છેદન–ભેદનથી હું તો છેદાતો-ભેદાતો નથી, હું તો અખંડ જ્ઞાન છું.— આવું ભાન તો કર્યું નથી ને દેહમાં જ આત્મબુદ્ધિ કરીને મૂર્છાઈ ગયો છે તે જીવ છેદન–ભેદનના પ્રસંગમાં દુ:ખી થાય છે.—તે દુ:ખ દેહનું નથી પણ મૂર્છાનું છે.

તિર્યંચ અવતારમાં અનંત દુ:ખો જીવે ભોગવ્યા, સસલું–હરણ વગેરે નિર્બળ પ્રાણી, બિચારાં જંગલમાં ઘાસ ખાઈને જીવનારાં, તેને વાઘ વગેરે ખાઈ જાય; ત્યાં કાંઈ કરી ન શકે

**સ્મૃતિ કરકે સુમરન કરતા હૂં, પુનિ વિનમ્ર હો નમતા હૂં,**
**કિસી યત્નસે ભી, અભીષ્ટ–સાધન કી ઇચ્છા રખતા હૂં. ૩૨.**

ને દુઃખી થઈને પ્રાણ છોડે. હાથી જેવાને પણ સિંહ ફાડી ખાય; સિંહ–વાઘને વળી શિકારી જીવો બંદૂકથી વીંધી નાંખે. આ રીતે હણાતાં જીવ દુઃખી થાય છે કેમકે દેહની મમતા તો છૂટી નથી.

અહીં બીજા ખાઈ જાય, છેદી નાંખે વગેરે સંયોગદ્વારા કથન કરીને સામા જીવના ક્રૂર હિંસકભાવ અને આ જીવનું દુઃખ બતાવવું છે. બાકી આત્મા તો ક્યાં ખવાય છે?—છેદાય છે કે મરે છે? પણ અજ્ઞાનથી આવા આત્માને ન ઓળખતાં દેહરૂપે જ પોતાને માન્યો છે એટલે દેહનું છેદન-ભેદન થતાં હું જ છેદાઈ ગયો, હું જ મરી ગયો–એમ અજ્ઞાની પ્રાણી મહા દુઃખી થાય છે.

પ્રશ્નઃ—શું જ્ઞાનીને દેહને છેદન–ભેદનથી દુઃખ નહિ થતું હોય?

ઉત્તરઃ—ના; અજ્ઞાનીને દેહબુદ્ધિથી જેવું દુઃખ થાય છે તેવું જ્ઞાનીને કદાપિ થતું નથી. અનંત દુઃખના કારણરૂપ મિથ્યાત્વને તો તેણે છેદી નાંખ્યું છે એટલે કોઈ પણ પરિસ્થિતિમાં મિથ્યાત્વજન્ય અનંત દુઃખ તો તેને થતું નથી. મિથ્યાત્વના અભાવમાં બાકીના રાગ-દ્વેષથી દુઃખ થાય તો તે ઘણું અલ્પ છે. ને અજ્ઞાની તો કદાચ આરામથી બેઠો હોય,–શરીર છેદાતું–ભેદાતું ન હોય, છતાં તે વખતે પણ મિથ્યાત્વભાવનું અનંતુ દુઃખ તે વેદી રહ્યો છે. કાંઈ બહારનો સંયોગ પ્રતિકૂળ હોય તો જ દુઃખ હોય–એમ નથી. સંયોગનું કથન તો સ્થૂળબુદ્ધિ જીવોને સમજાવવા માટે છે. જીવોને બહારના છેદન–ભેદન વગેરેનું દુઃખ ભાસે છે, પણ અનંતા દુઃખનું મૂળકારણ મિથ્યાભાવ છે, તે મિથ્યાત્વનું અનંત દુઃખ એને લક્ષમાં નથી આવતું. તેથી અહીં ચાર ગતિનાં દુઃખ વર્ણવ્યા પછી તરત કહેશે કે આ બધા દુઃખો મિથ્યાત્વને લીધે જ જીવ ભોગવે છે, માટે તે મિથ્યાત્વાદિનું સેવન છોડ ને સમ્યક્ત્વાદિમાં આત્માને જોડ.

જેને મિથ્યાત્વાદિ ભાવ નથી તેને પ્રતિકૂળતામાંય દુઃખ નથી. જુઓને, આ વીતરાગી સંતમુનિઓ આત્માના આનંદમાં કેવા મશગૂલ છે! બહારમાં તો વાઘ શરીરને ખાઈ જાય છે, અગ્નિથી શરીર બળી જાય છે, પણ અંદર ઉપશમરસમાં આત્મા એવો ઠરી ગયો છે કે એમને જરાય દુઃખ થતું નથી; શરીર બળવા છતાં દુઃખ થતું નથી; કેમ? કારણ કે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનો અભાવ છે. શરીર ભલે બળે, આત્મા ક્યાં મોહાગ્નિમાં બળે છે? આત્મા તો ચૈતન્યના શાંતરસમાં ઠરી ગયો છે! એટલે તે તો આનંદની મોજ કરે છે.

(ક્રમશઃ) ❊

**ઇસીલિયે શાશ્વત તેજોમય, શક્તિ અનન્તવન્ત અભિરામ,**
**પુણ્ય પાપ બિન્, પરમ પુણ્યકે કારણ, પરમોત્તમ ગુણધામ;**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૩) આ ત્રીજા બોલની વાત ચાલે છે. શુદ્ધોપયોગ સાધક ને પરમાત્મા થવું તે સાધ્ય છે. આત્મા અનંત ગુણોનો પિંડ છે, તેની પર્યાયમાં રાગરહિત શુદ્ધ ઉપયોગ દશા થાય તે સાધક છે. તે શુદ્ધત્વ સર્વદેશને સાધે છે એટલે પરમાત્મદશાને સાધે છે. જ્ઞાનનું સંવેદન કરતો આત્મા પોતાની પૂર્ણરૂપ દશાને સાધે છે. રાગ ને મન વિનાનો આત્મા મારું ધામ છે, એનો જે નિર્ણય કર્યો હતો તે શુદ્ધ ઉપયોગ પરમાત્માને સાધે છે. સ્વભાવસન્મુખ રમણતારૂપી દશા સાધન છે ને પરમાત્મદશા સાધ્ય છે.

(૪) વ્યવહારરત્નત્રયનું સાધન છે ને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. ખરેખર નિશ્ચયરત્નત્રયનું સાધન તો દ્રવ્ય છે. દ્રવ્યના આશ્રયે જ સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર પ્રગટે છે. તે ફળ પ્રગટતા પહેલાં પૂર્વ પર્યાયનો વ્યવહાર બતાવી વ્યવહારને અહીં સાધન કહ્યું છે. કેવી રીતે? વ્યવહારરત્નત્રયમાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે. અખંડ જ્ઞાનમૂર્તિ છે તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા સાધ્ય છે. અહીં પર્યાયને સાધ્ય બતાવવી છે. વ્યવહારથી ખસીને નિર્વિકલ્પમાં આવવું છે માટે વ્યવહારને સાધન કહેલ છે ને નિશ્ચયપરિણતિને સાધ્ય કહેલ છે. સાત તત્ત્વ હેય છે ને નિજતત્ત્વ ઉપાદેય છે, એવો વિકલ્પ તે વ્યવહાર છે. તત્ત્વશ્રદ્ધાનમાં સાતનાં પડખાં પડે છે તે હેય છે. અખંડ ચૈતન્યતત્ત્વ ઉપાદેય છે. અહીં હેય-ઉપાદેય તત્ત્વોની વિચારશ્રેણી ચાલે છે. તેને વ્યવહાર કહેલ છે. તે વિકલ્પનો અભાવ થઈ નિશ્ચય પ્રગટે છે, માટે વ્યવહારને સાધન કહેલ છે.

વળી વિચારશ્રેણી ચાલે છે કે જેનાથી ચોરાશીના ભવ પ્રાપ્ત થાય તેને છોડું ને આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તેને અંગીકાર કરું—એવો વિચાર ચાલે છે. ભવભોગાદિ વિરતિ કાર્યકારી છે ને સમ્યગ્દર્શનભાવ ઉપાદેય છે.

અહીં વ્યવહારનું સાધ્ય દ્રવ્ય છે એમ કહેવું નથી તેમ જ વ્યવહારથી નિશ્ચય પ્રગટે છે એમ પણ કહેવું નથી. સાધ્ય-સાધક બંને પર્યાયમાં છે તેની વાત છે. વ્યવહારનો વિકલ્પ

વન્દનીય, પર જો ન ઔરકી, કરૈ વન્દના કભી મુનીશ,
એસે ત્રિભુવન નગર-નાથકો, કરતા હું પ્રણામ ધર સીસ. ૩૩.

ઊઠ્યો તેની વિચારશ્રેણી ચાલે છે. અહીં આવા વ્યવહારની વાત છે, બીજા વ્યવહારની વાત નથી. આથી વિપરીત વ્યવહાર હોય તેનો વ્યવહાર ખોટો છે. જેવાં સાત તત્ત્વો કહ્યાં છે તેવાં યથાર્થ જાણે તે વ્યવહારની વાત છે. કોઈ પણ ભવને ભલો જાણે તો તેનો વ્યવહાર સાચો નથી. ભવથી વિરતિ કાર્યકારી જાણેલ છે ને આત્માનું સમ્યક્ આચરણ ઉપાદેય જાણેલ છે. આવો વ્યવહાર જાણી પોતાના સ્વરૂપમાં ઢળ્યો, તેથી વિકલ્પ અટકી જાય છે. આ હેય છે ને આ ઉપાદેય છે—એવો વિચાર મનના સંબંધે ચાલતો હતો તે વ્યવહાર અટકી ગયો. આમ ઈન્દ્રિય ને મન તરફનો ઉપયોગ અટકીને નિજસ્વરૂપને સમ્યક્ અનુભવે તે તેનું સાધ્ય છે. વ્યવહારની મર્યાદા, નિશ્ચય પરિણતિની મર્યાદા ને નિશ્ચય પરિણતિ જે દ્રવ્યના આશ્રયે થાય તે દ્રવ્યનું જ્ઞાન—આમ ત્રણેનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. આવા જ્ઞાન વિના સમ્યગ્દર્શન થાય નહિ. ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપે પડ્યો છે. અંતરમાં ઢળતાં વ્યવહાર અટકી જાય છે. જ્ઞાનને શુદ્ધપણે અનુભવે તે સાધ્ય છે ને તે મોક્ષમાર્ગ છે. તે વખતે નિજશ્રદ્ધા સમાન કરે ત્યારે તેમાં સાત તત્ત્વના વિચારનો ભેળસેળ નથી. એવું નિજ શુદ્ધતત્ત્વ એકલું શુદ્ધતત્ત્વ અનુભવગમ્ય કરે. હું ચિદાનંદ પરમાત્મા છું, જ્ઞાયકસૂર્ય છું એવી શ્રદ્ધા કરે. પ્રથમ રાગરહિત આવી શ્રદ્ધા હતી તે વ્યવહાર હતો. તે વ્યવહાર છૂટી નિર્વિકલ્પદશા થઈ તે નિશ્ચયસમ્યગ્દર્શન થયું.

હું જ્ઞાયક છું, એવું જાણપણું એકલા જ્ઞાનની જાતિથી જાણે, જ્ઞાનને પુણ્યના વિચાર વિનાનું એકલું કરે. થોડા સમ્યક્જ્ઞાન વડે આખા જ્ઞાનની પ્રતીતિ આવી. એક અંશ જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ આવી. આ સાધ્ય છે, આ ફળ છે. ફળ કહ્યું માટે વ્યવહારથી થયું છે—એમ નથી. વ્યવહારનો અભાવ થઈ નિશ્ચય પ્રગટે છે. થોડું જ્ઞાન પ્રગટ્યું એટલે આખો આત્મા-કેવળજ્ઞાનનો દરિયો ખ્યાલમાં આવ્યો.

અહીં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાની વાત ક્રમસર કહે છે, પણ ત્રણે એકી સાથે છે. વ્યવહારની રીત છોડી માત્ર જ્ઞાન દ્વારા પોતાના સ્વરૂપને બરાબર જાણ્યું. થોડા જ્ઞાનમાં ઘણા જ્ઞાનની પ્રતીતિ આવી. લોકાલોક છે તેના કરતાં અનંત ગુણો હોત તો પણ હું જાણી શકું એવી જ્ઞાનની શક્તિ જાણી.

**''દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.''**

આમ નિશ્ચય કરી પોતાનું સ્વરૂપ જાણ્યું. આનું નામ અનુભવપ્રકાશ છે.

**જો નહિં સ્વયં શબ્દ રસ સપરસ, અથવા રૂપ ગંધ કુછ ભી,**
**પર ઇન સબ વિષયોંકે જ્ઞાતા, જિન્હેં કેવલી કહેં સભી;**

હવે આચરણની વાત કરે છે. વિકલ્પનો અભાવ થઈ સ્વરૂપ આચરણ પ્રગટે છે. નિશ્ચયથી સ્વરૂપ જાણ્યું. તેવી રીતે સમ્યક્‌જ્ઞાનની પરિણતિથી આચરણ થવું તે સ્વરૂપાચરણ છે.

પોતાના ત્રિકાળી પરમાત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી કેટલીક દર્શનજ્ઞાનશક્તિ શુદ્ધ થઈ છે, તેવી જ સ્થિરતા થઈ તેને નિશ્ચય રત્નત્રય કહે છે. સાત તત્ત્વને જેમ છે તેમ માને તો વ્યવહાર સાચો છે ને તેનો અભાવ થઈ અંતરદશા પ્રગટે તે નિશ્ચય છે.

સિદ્ધના અને મારા સ્વભાવમાં ફેર નથી. સિદ્ધ પણ જાણે-દેખે ને હું પણ જાણું-દેખું, નિશ્ચયથી હું પરમાત્મા છું, એમ આત્માની અવસ્થા તેવી જ નિશ્ચયરૂપ પરિણમે છે.

“આ નિશ્ચય રત્નત્રય, પ્રથમ વ્યવહાર રત્નત્રય થતાં સાધ્ય છે માટે વ્યવહાર રત્નત્રય સાધક ને નિશ્ચય રત્નત્રય સાધ્ય છે”. અહીં વ્યવહાર માટે ‘પ્રથમ’ શબ્દ મૂકેલ છે, તેનું કારણ એ છે કે સાત તત્ત્વોનો હેય-ઉપાદેય વિચાર ચાલે છે, તેને હેય સમજી તેનો અભાવ થઈ નિશ્ચય પર્યાય પ્રગટે છે માટે વ્યવહારને પ્રથમ કહેલ છે. ખરેખર તો દ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. ત્યારે વ્યવહાર નામ લાગુ પડે છે, પણ પ્રથમ યથાર્થ વિચાર આવે છે, સાત તત્ત્વોના હેય-ઉપાદેયપણાની વિચારશ્રેણી ચાલે છે. વિચારનો વ્યય થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશાનો ઉત્પાદ થાય છે, માટે વ્યવહારને પ્રથમ કહ્યો છે.

શ્રી સમયસારમાં કહેલ છે કે વ્યવહાર ને નિશ્ચય આગળ-પાછળ નથી, બન્ને સાથે છે. શ્રી આત્મસિદ્ધિમાં પણ કહ્યું છે કે—

**“નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ,**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથે રહેલ.”**

તેમાં પણ નિશ્ચય ને વ્યવહાર સાથે કહ્યા છે તો પછી અહીં વ્યવહારને પ્રથમ કેમ કહ્યો? તો કે પૂર્વ પર્યાયમાં આવો વિકલ્પ હોય છે તે બતાવવા પ્રથમ કહેલ છે. આવો વ્યવહાર હોય છે, તે સિદ્ધ કરવું છે, પણ તે વ્યવહારથી નિશ્ચય પ્રગટે છે એમ કહેવું નથી. અભેદ દ્રવ્યના આશ્રયે સ્વભાવ પ્રગટે છે પણ નિજતત્ત્વ ઉપાદેય ને સાતતત્ત્વ હેય છે. એવો વિચાર પૂર્વ પર્યાયમાં આવ્યો ને તે વિચાર છૂટીને નિશ્ચય પરિણતિ થઈ છે માટે વ્યવહાર સાધક છે ને નિશ્ચય સાધ્ય છે. (ક્રમશઃ) ❊

**સબ પદાર્થ જો જાનેં, પર ન જાન સકતા કોઈ જિનકો,**
**સ્મરણ મેં ન આ સકતે હૈં જો, કરતા હું સુમરન ઉનકો. ૩૪.**

# વૃદ્ધાવસ્થામાં વૈરાગ્યની વૃદ્ધિ

ઘડપણમાં શરીર કામ કરતું ન હોય, પ્રતિકૂળતા હોય, સેવા કરનાર કોઈ ન હોય...તોપણ બાપુ ! તમે ગભરાશો મા ! મારું કોઈ નથી એમ હતાશ થશો મા ! તમારા જીવનમાં ઉત્તમ સંસ્કારોની મૂડી તમારી પાસે જ છે. અંતિમ જીવનમાં તમારી ઉત્તમ ભાવનાઓ જ તમને શાંતિ આપનાર છે. માટે તેના ઉપર જ જોર આપો.

શરીરનું મમત્વ તો છોડવાનું છે. મમત્વ રાખવા જેવું શરીરમાં છે ય શું ? તો એવા શરીરની સેવા કરનાર કોઈ હો...ન હો, તેની શી ચિંતા ! આત્માની ચિંતા કરો કે જેથી તેનું ભવિષ્ય ઉત્તમ બને.

જુવાનીમાં પણ જે ન થઈ શક્યું તે શૂરવીર થઈને અત્યારે કરી લ્યો. શૂરવીર આત્માની શૂરવીરતાને વૃદ્ધાવસ્થા કાંઈ ઢીલી કરી શકતી નથી.

હૃદયમાં જિનભક્તિ કરો...પંચપરમેષ્ઠીને યાદ કરો...મુનિપદની ભાવના કરો...શરીરની ક્ષણભંગુરતા અને આત્માની નિત્યતા વિચારીને વૈરાગ્યની ઉત્તમ ભાવનાઓ કરો...બસ, તમને કાંઈ દુઃખ નહિ રહે. અંદરમાં જિનભાવના છે તો બહારની પ્રતિકૂળતા શું કરી શકવાની છે ? માટે ખેદ છોડો....ને પ્રસન્નચિત્તે આત્માને સાધો.

હે મુમુક્ષુ ! જીવનમાં મહાવીર-શાસનને પામીને હવે તમે ખેદખિન્ન જીવન જીવશો નહિ, આનંદમય જીવન જીવજો. તમારા જીવનને આનંદમય બનાવવા જ સંતોનો ઉપદેશ જીવનમાં ઘણીવાર સાંભળ્યો છે....ઘણું વાંચ્યું છે ને ઘણું વિચાર્યું છે. અહા, આવા આનંદ સાધવાના અવસરમાં ખેદ શો ! મુમુક્ષુને તો નિજાનંદની પ્રાપ્તિના અવસરમાં પરમ ઉત્સાહ હોય.

અરે મુમુક્ષુ ! ભલે વૃદ્ધ થયા ...તોપણ તમે મુમુક્ષુ છો....શરીર ઢીલું થયું તેથી મુમુક્ષુપણાના ઉત્સાહને ઢીલો ન કરશો. યુવાની મટીને વૃદ્ધતા આવી તેથી કાંઈ તમે 'મુમુક્ષુ' મટી નથી ગયા. મોક્ષની જ જેને અભિલાષા છે એવા મુમુક્ષુને વળી ખેદ શેનો ? જગતમાં એવું તે શું દુઃખ છે કે તમારે ખેદ કરવો પડે ? તમારે તો અત્યારે આત્માને સાધવાનો મહા આનંદપ્રસંગ છે....તો પ્રસન્નચિત્તે આત્માને સાધવામાં લાગી જાઓ. ખેદ છોડો ! યાદ તો કરો, જીવનમાં તમને કેવા સરસ દેવ-ગુરુ મળ્યા છે ! કેવો સરસ માર્ગ મળ્યો છે ! અંદર કેવો સુંદર આત્મા બિરાજી રહ્યો છે ! જગતમાં આવો સરસ યોગ મળ્યો, પછી હવે ખેદ કરવાનું ક્યાં રહે છે ? ખેદની ટેવ છોડો....ને મહાન ઉલ્લાસથી, શાંતભાવે તમારા આનંદધામમાં જુઓ.

તમારું જીવન અપૂર્વ ચેતનવંતુ બની જશે. ❊



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—સમ્યક્ નિયતવાદ એટલે શું?**

ઉત્તર :—જે પદાર્થમાં જે સમયે જે ક્ષેત્રે જે નિમિત્તે જેમ થવાનું તેમ થવાનું જ છે, તેમાં કિંચિત્ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી—એવો જ્ઞાનમાં નિર્ણય કરવો તે સમ્યક્ નિયતવાદ છે અને તે નિર્ણયમાં સ્વભાવ તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે.

**પ્રશ્ન :—મિથ્યાનિયતવાદને ગૃહીતમિથ્યાત્વ કેમ કહ્યું છે?**

ઉત્તર :—નિમિત્તથી ધર્મ થાય, રાગથી ધર્મ થાય, શરીરાદિનું આત્મા કરી શકે એવી માન્યતારૂપ અગૃહીતમિથ્યાત્વ તો અનાદિનું હતું. અને જન્મ્યા પછી શાસ્ત્ર વાંચીને અથવા કુગુરુ વગેરેના નિમિત્તે મિથ્યાનિયતવાદનો નવો કદાગ્રહ ગ્રહણ કર્યો તેથી તેને ગૃહીતમિથ્યાત્વ કહેવાય છે. પહેલાં જેને અનાદિનું અગૃહીતમિથ્યાત્વ હોય તેને જ ગૃહીત-મિથ્યાત્વ થાય. જીવો સાતાશીળિયાપણાથી, ઇન્દ્રિયવિષયોના પોષણ માટે, 'થવાનું હશે તેમ થશે' એમ કહી એક સ્વછંદતાનો માર્ગ શોધી કાઢે છે તેનું નામ ગૃહીતમિથ્યાત્વ છે.

**પ્રશ્ન :—વસ્તુનું પરિણમન ક્રમબદ્ધ માનવાથી તો એમ લાગે છે કે પુરુષાર્થનું કંઈ કામ જ નથી, પુરુષાર્થ નિરર્થક છે; કારણ કે જ્યારે બધું જ નિશ્ચિત છે, તો આત્માનુભૂતિ, સમ્યગ્દર્શન વગેરે પણ નિશ્ચિત માનવાં પડશે પછી પુરુષાર્થ કરવાનો ક્યાં અવકાશ છે?**

ઉત્તર :—ક્રમબદ્ધ પર્યાયનો સ્વીકાર કરવાથી પુરુષાર્થ ઉડી જાય છે—એવો ભય તો અજ્ઞાનીને લાગે છે, કારણ કે તે હજુ પુરુષાર્થનું જ સાચું સ્વરૂપ જાણતો નથી. વાસ્તવમાં ક્રમબદ્ધપર્યાયને માનવાથી સમ્યક્ પુરુષાર્થનો આરંભ થાય છે, કારણ કે સંપૂર્ણ જગતનું પરિણમન ક્રમબદ્ધ માનવાથી પર્યાય ઉપર દૃષ્ટિ નથી રહેતી. કોઈપણ પર્યાયનો હઠાવવા કે લાવવાનો વિકલ્પ નથી રહેતો અને દૃષ્ટિ સ્વભાવસન્મુખ થઈ જાય છે. આ જ સમ્યક્ પુરુષાર્થ છે. જ્યાં સુધી ફેરફાર કરવાની દૃષ્ટિ થશે ત્યાં સુધી ઊંધો અને વ્યર્થ પુરુષાર્થ થતો રહેશે અને જ્યારે ફેરફાર કરવાની દૃષ્ટિ નષ્ટ થઈને સહજ

**લંઘ્ય ન ઔરોંકે મનસે ભી, ઔર ગૂઢ ગહરે અતિશય,**
**ધનવિહીન જો સ્વયં કિન્તુ, જિનકા કરતે ધનવાન વિનય;**

સ્વભાવની દૃષ્ટિ થશે તો સમ્યક્ પુરુષાર્થ શરૂ થશે.

ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરવાથી 'હું પરનું કરી દઉં, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે'—વગેરે બધી જૂઠી માન્યતાઓ સમાપ્ત થઈ જાય છે અને અંતર સ્વભાવમાં સ્થિર થવાનો માર્ગ ખુલી જાય છે.

**પ્રશ્ન :—પુરુષાર્થ કરવો અમારા હાથની વાત છે કે ક્રમબદ્ધમાં હોય ત્યારે થાય?**

ઉત્તર :—પુરુષાર્થ કરવો તે પોતાના હાથની વાત છે પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પુરુષાર્થને આધીન છે. ક્રમબદ્ધનો નિર્ણય સ્વસન્મુખતાના પુરુષાર્થપૂર્વક જ થાય છે.

**પ્રશ્ન :—જેને પુરુષાર્થ કરવો નથી એ ક્રમબદ્ધમાં થવું હશે તેમ થશે તેમ માનીને પ્રમાદમાં પડયો રહેશે?**

ઉત્તર :—અરે ભાઈ! ક્રમબદ્ધના નિર્ણયમાં અકર્તાવાદનો અનંતો પુરુષાર્થ થાય છે. અનંતો પુરુષાર્થ થયા વિના ક્રમબદ્ધ માની શકતો નથી. ક્રમબદ્ધનો સિદ્ધાંત એવો છે કે તે બધા વિરોધને તોડી નાખનારો છે. ક્રમબદ્ધમાં જ્ઞાતાપણાનો—અકર્તાપણાનો પુરુષાર્થ છે. રાગને ફેરવવો તો નથી પણ પર્યાયને કરવી કે ફેરવવી નથી. બસ જાણે....જાણે.....ને જાણે, સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ને કે બંધમોક્ષને પણ કરતો નથી, જાણે જ છે. ક્રમબદ્ધના નિર્ણયવાળાનું લક્ષ દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય ઉપર લક્ષવાળો જ્ઞાતા છે. તેને ક્રમબદ્ધના કાળમાં રાગાદિ આવે છે પણ તેના ઉપર લક્ષ નથી, તેથી તે રાગાદિનો જાણનાર જ છે. એક ક્રમબદ્ધને સમજે તો બધા ફેંસલા—ખુલાસા થઈ જાય. નિમિત્તથી થાય નહિ પર્યાય આડી-અવળી થાય નહિ અને થયા વિના રહે નહિ. પોતાની પર્યાયનો પણ અકર્તા થઈ જાય. ક્રમબદ્ધનું તાત્પર્ય વીતરાગતા છે.

**પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિ જ્યારે મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે કે મોક્ષની પર્યાય જ્યારે પ્રાપ્ત થવાની છે ત્યારે મોક્ષપ્રાપ્તિ સહજ પોતાથી થઈ જાય છે?**

ઉત્તર :—આ સંબંધમાં અનેકાંત છે. સમ્યગ્દૃષ્ટિ જ્યારે મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ કરે છે ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય છે. અને ત્યારે જ મોક્ષની પર્યાય થવા યોગ્ય થાય છે; આથી તે કાળે મોક્ષપ્રાપ્તિ સહજ થઈ જાય છે. સમ્યગ્દૃષ્ટિ તો દ્રવ્ય-સ્વભાવ પર દૃષ્ટિ કરે છે અર્થાત્ વાસ્તવમાં જ્યારે દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ થાય છે, ત્યારે સહજરૂપથી મોક્ષપ્રાપ્તિ થવા યોગ્ય થાય છે જ. મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ ઘણો જ વિચિત્ર પ્રકારનો છે. તાત્પર્ય એ છે કે મોક્ષપ્રાપ્તિ માટે કોઈ બાહ્ય પ્રયત્ન કરવો નથી પડતો, પરંતુ સહજ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરવી તથા તેમાં જ સ્થિરતા કરવી એ જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે, પ્રયત્ન છે, પુરુષાર્થ છે.

(ક્રમશઃ) ❈



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—**પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પ્રકારનું આકુળ–વ્યાકુળપણું થવું તેને શ્રીમદ્‌જીએ દર્શન પરીષહ કહ્યો છે. તો તેમાં તેઓ શું કહેવા માંગે છે?

**સમાધાન :—**પરમાર્થની પ્રાપ્તિ માટે ખોટી આકુળતા થાય તે દર્શન પરીષહ છે. આત્માર્થી ખોટી ઉતાવળ ન કરે પણ તેમાં ધીરજ જોઈએ. ધીરજ રાખે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આત્મા કેમ પ્રાપ્ત થાય? કેમ કરું? હજુ કેમ પ્રગટ થતો નથી? એવી બધી આકુળતા થાય તે એક જાતનો પરીષહ છે. તેમાં દર્શનમોહનું નિમિત્ત છે અને કાર્ય ન થવામાં ઉપાદાન કારણ પોતાનું છે. આત્માનો જ્ઞાનસ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય? રાગથી કેમ છૂટો પડું? ભેદજ્ઞાન કેમ થાય? પ્રજ્ઞાછીણીથી સૂક્ષ્મ થઈને અંદરમાં જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો ટાઈમ થયો તો કેમ થતું નથી? એવી બધી અંદરમાં આકુળતા થાય, છતાં તેમાં શાંતિ રાખે કે મારી ભાવના છે તો થવાનું જ છે. પ્રયત્ન ચાલુ જ રાખે ને ધીરજથી માર્ગને ઓળખવાનો પ્રયત્ન કરે. આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? જ્ઞાન તે જ હું છું, આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. તે વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ છે તે જાત જુદી છે. એમ લક્ષણથી રાગને ભિન્ન ઓળખ્યા કરે અને જ્ઞાનને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે અને દર્શનમોહ ચાલ્યો જાય છે. પરંતુ તેને ધીરજ હોવી જોઈએ. જો આકુળતા-ઉતાવળ કરે તો કાર્ય ન થાય. ગમે તેટલો ટાઈમ જાય તો પણ વારંવાર પ્રયત્ન કર્યા જ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલાં આકુળતા તો થાય, પણ શાંતિ રાખવી જોઈએ.

મુમુક્ષુઃ—ઉતાવળ કરવા જઈએ તો બીજે આડે-અવળે રસ્તે ચઢી જઈએ?

બહેનશ્રીઃ—હા, ઉતાવળ કરવાથી થાય નહિ, આડે-અવળે રસ્તે ચઢી જાય. ઉતાવળ કરવા જાય તો સ્વભાવ ગ્રહણ થતો નથી. સ્વભાવ તો ધીરજથી જ ગ્રહણ થાય છે. પોતે શાંતિથી અંદર સૂક્ષ્મ થઈને જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે તો તે પકડાય તેવો છે. ઉતાવળ કરે તો કાંઈકનું કાંઈક પકડાઈ જાય—ખોટું પકડાઈ જાય, ખોટો સંતોષ માની લે. કાર્ય નથી થતું માટે (ખોટી) ઉતાવળ કરે તો ખોટું થઈ જાય.

ખરો જિજ્ઞાસુ અને ખરો આત્માર્થી હોય તેને સાચું ન આવે ત્યાં સુધી સંતોષ થાય જ નહિ. તેનો આત્મા જ કહી દે કે આ કાંઈ અંદરથી શાંતિ આવતી નથી, માટે આ યથાર્થ નથી

અને યથાર્થ હોય તેને અંદરથી જ શાંતિ આવે. ઉતાવળ કરવાથી ખોટું થાય છે, ખોટું ગ્રહણ થઈ જાય છે, ક્યાંક ને ક્યાંક પ્રશસ્ત રાગમાં રોકાઈ જાય છે. સૂક્ષ્મ રાગ પકડાતો નથી, અને અંદર શુભ રાગને છૂટો પાડી શકતો નથી કે સૂક્ષ્મ થઈને જ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી. વારંવાર ભાવનાના વિકલ્પ આવે તેનાથી પણ જ્ઞાયક જુદો છે, તેમ અંદરથી યથાર્થ ગ્રહણ થવું જોઈએ. તે થઈ શકતું ન હોય ને ખોટી ઉતાવળ કરીને કોઈ પરમાર્થને ગ્રહણ કરવા માટે ધ્યાન કરે, પણ તેવા ધ્યાનમાં યથાર્થ ગ્રહણ થતું નથી. તે ધ્યાનમાં વિકલ્પ શાંત થઈ જાય તેથી એમ લાગે કે જાણે વિકલ્પ છે જ નહિ. પરંતુ વિકલ્પ હોય છે છતાં તે નથી એમ ઉતાવળથી માની લે તો ખોટું થઈ જાય છે.

મુમુક્ષુઃ—સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને પ્રાપ્ત કરવાની આકુળતા તો સ્વભાવિક થાય; છતાં પણ તેને દર્શન પરીષહ કહ્યો? તેમ જ ધીરજ રાખવામાં શું પ્રમાદ ન થઈ જાય?

બહેનશ્રીઃ—આત્માર્થીને પ્રમાદ થાય નહિ. આ પ્રમાદ છે કે ધીરજ છે તે તેને પકડવું જોઈએ. ધીરજ અને પ્રમાદમાં ફેર છે. યથાર્થ પકડાય નહિ ત્યાં સુધી શાંતિ રાખે તે પ્રમાદ નથી. યથાર્થ આત્માર્થી છે તેને સાચું ગ્રહણ થાય છે કે આ પ્રમાદ છે કે ધીરજ છે. સમ્યગ્દર્શન માટે ખોટી આકુળતા કરવી તેને અપેક્ષાએ દર્શન-પરીષહ કહ્યો છે. યથાર્થ રીતે તો સમ્યગ્દર્શન, ચારિત્ર થયા પછી બધા પરીષહ લાગુ પડે છે; પણ આ તેને સમ્યગ્દર્શન નથી થયું, પરમાર્થની પ્રાપ્તિ નથી થઈ તો પણ અપેક્ષાએ દર્શન પરીષહ કીધું છે. કોઈ ખોટી શંકા અને કુતર્કો કરતો હોય તો પણ સમ્યગ્દ્રષ્ટિ ડગતો નથી. તેને નિઃશંકગુણ એવો પ્રગટ થઈ ગયો છે કે પોતે પોતાની શ્રદ્ધાથી ડગતો નથી. આખું બ્રહ્માંડ ખળભળી જાય એવા કે ગમે તેવા બીજા પરીષહો આવે તેમ જ ન્યાય-યુક્તિ આવે તો પણ પોતે જે જ્ઞાયક સ્વભાવ ગ્રહણ કર્યો છે તે જ્ઞાયકમાં નિઃશંક રહે છે, તેમાં તેને શંકા પડતી નથી. આવા પરીષહો સમ્યગ્દ્રષ્ટિને હોય છે.

જેને પરમાર્થની પ્રાપ્તિ નથી થઈ તે આત્માર્થીને પણ પરીષહ કહ્યો છે, તે અપેક્ષાએ છે. સમકિત પ્રાપ્ત નથી થતું અને આકુળતા થાય છે તે અપેક્ષાએ તે જાતનો પરીષહ કહ્યો છે. ભાવના યથાર્થ છે અને પ્રગટ થતું નથી તેમાં (દર્શનમોહ) કર્મ નિમિત્ત કારણ છે અને કર્મમાં પોતે જોડાયેલો છે. આ રીતે પોતે ગ્રહણ કરવા માંગે છે અને ગ્રહણ થતું નથી, માટે તેને દર્શન પરીષહ કહ્યો છે. કોઈ વિકલ્પો–કોઈ શંકાઓ–કોઈ તર્કો વચ્ચે વચ્ચે પોતાને રોકતા હોય તે બધા અંદરના પરીષહો છે. સ્વરૂપ નક્કી કરે ત્યાં વચ્ચે કોઈ શંકાઓ ઉત્પન્ન થાય, શંકામાં વળી શંકા પડી જાય એમ પરમાર્થને ગ્રહણ કરવામાં અંદર પોતાના પરિણામમાં અનેક જાતની મુશ્કેલીઓ ઊભી થાય તેને દર્શન પરિષહ કહ્યો છે. તો પણ ધીરજથી તે બધામાંથી પસાર થઈ પોતે નિઃશંકપણે ચૈતન્યને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે.

(ક્રમશઃ) ❊

## બાળ વિભાગ


## વાત્સલ્ય–અંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા

બલિ આદિ ચાર મિથ્યાદૃષ્ટિ મંત્રી રાજાની સાથે અકંપનાચાર્યાદિ મુનિના દર્શને જાય છે રસ્તામાં મુનિનિંદા કરતાં થકા શ્રુતસાગર નામના મુનિ સાથે વાદ કરતાં પરાજિત થયા ને તેનો બદલો લેવા રાત્રિના સમયે મુનિને મારવા માટે તલવાર ઉગામે છે ને કિલીત થઈ જાય છે. સવારે રાજાને ખબર પડતાં તેમને દેશનિકાલ કરે છે. બલિ આદિ મંત્રી હસ્તિનાપુરમાં પદ્મરાજાને ત્યાં મંત્રી થાય છે. એક સમયે અકંપનાચાર્યાદિ સંઘ સહિત હસ્તિનાપુર આવે છે ત્યારે પોતાનો પૂર્વનો ભેદ ન ખુલી જાય તે માટે રાજા પાસે બાકી રહેલ વચન સ્વરૂપે સાત દિવસનું રાજ્ય માગી નરબલિ યજ્ઞની ઘોષણા કરે છે અને મુનિની આજુબાજુ લાકડા, ચામડા પશુ આદિને જીવતા સળગાવીને મુનિરાજો ઉપર ઘોર ઉપસર્ગ કર્યો.... હવે આગળ

અરે ! મોક્ષને સાધનારા ૭૦૦ મુનિઓ ઉપર આવો ઘોર ઉપસર્ગ દેખીને કુદરત પણ જાણે ધ્રુજી ઊઠી...આકાશમાં શ્રવણનક્ષત્ર જાણે કંપી રહ્યું હોય એમ એક ક્ષુલ્લકજીને દેખાયું ને તેમના મુખમાંથી હાહાકાર નીકળી ગયો. તેમણે આચાર્ય મહારાજને વાત કરી. આચાર્ય મહારાજે નિમિત્તજ્ઞાનથી જાણીને કહ્યું કે અરે ! અત્યારે હસ્તિનાપુરમાં ૭૦૦ મુનિઓના સંઘ ઉપર બલિરાજા ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે ને તે મુનિવરોનું જીવન ભયમાં છે. ક્ષુલ્લકજીએ પૂછ્યું—'પ્રભો ! એમને બચાવવાનો કોઈ ઉપાય ?'

આચાર્યે કહ્યું–'હા; વિષ્ણુકુમાર મુનિરાજ તેમનો ઉપસર્ગ દૂર કરી શકે તેમ છે, કેમકે તેમને એવી વિક્રિયાલબ્ધિ પ્રગટી છે કે જેવડું રૂપ કરવું હોય તેવડું કરી શકે છે; પણ તેઓ તો પોતાની આત્મસાધનામાં એવા લીન છે કે તેમને પોતાની લબ્ધિની પણ ખબર નથી ને મુનિઓના ઉપસર્ગનીયે ખબર નથી.'


આ સાંભળીને આચાર્યની આજ્ઞા લઈને તે ક્ષુલ્લકજી તરત વિષ્ણુકુમાર મુનિ પાસે ગયા ને તેમને બધી વાત કરીને પ્રાર્થના કરી કે હે નાથ ! આપ વિક્રિયાલબ્ધિ વડે આ ઉપસર્ગને શીઘ્ર દૂર કરો.



એ વાત સાંભળતાવેંત વિષ્ણુમુનિના અંતરમાં ૭૦૦ મુનિઓ પ્રત્યે પરમ વાત્સલ્ય ઊભરાયું. વિક્રિયાલબ્ધિની ખાતરી કરવા તેમણે હાથ લંબાવ્યો તો ઠેઠ માનુષોત્તર પર્વત સુધી આખા મનુષ્યલોકમાં તે લંબાયો. તરત તેઓ હસ્તિનાપુર આવી પહોંચ્યા

અને પોતાનો ભાઈ કે જે હસ્તિનાપુરનો રાજા હતો તેને કહ્યું—'અરે બંધુ! તારા રાજ્યમાં આ શો અનર્થ?'

પદ્મરાજે કહ્યું : 'પ્રભો! હું લાચાર છું, અત્યારે રાજસત્તા મારા હાથમાં નથી.'




એની પાસેથી બધી વાત જાણીને વિષ્ણુમુનિએ ૭૦૦ મુનિની રક્ષા ખાતર પોતે થોડીવાર મુનિપણું છોડીને એક ઠીંગણા બ્રાહ્મણ પંડિતનું રૂપ લીધું અને બલિરાજા પાસે આવીને અત્યંત મધુર સ્વરે ઉત્તમ શ્લોક બોલવા લાગ્યા.

બલિરાજા એમનું દિવ્યરૂપ દેખીને અને મધુરી વાણી સાંભળીને મુગ્ધ થઈ ગયો. અહો! તમે આવીને મારા યજ્ઞની શોભા વધારી છે! એમ કહીને તેણે તે વિદ્વાનનું સન્માન કર્યું અને જે જોઈએ તે માંગવા કહ્યું.

અહા! અયાચક મુનિ! જગતના નાથ! તે અત્યારે પોતાના ૭૦૦ સાધર્મીઓની રક્ષા ખાતર યાચક બન્યા! આવું છે ધર્મ વાત્સલ્ય! મૂર્ખ રાજાને ક્યાં ખબર હતી કે જેને હું યાચના કરવાનું કહું છું તે જ હમણાં મને ધર્મના દાતાર થશે અને હિંસાના ઘોર પાપમાંથી મારો ઉદ્ધાર કરશે. તે બ્રાહ્મણવેષધારી વિષ્ણુકુમારે રાજાનું વચન લઈને ત્રણ પગલા જમીન માંગી. રાજાએ ખુશીથી તે જમીન માપી લેવા કહ્યું. બસ થઈ ચૂક્યું! રાજા ઊંચું જુએ છે ત્યાં તો વિષ્ણુકુમારે વામનને બદલે વિરાટ રૂપ ધારણ કર્યું. વિષ્ણુનું એ વિરાટરૂપ દેખીને રાજા તો ચકિત થઈ ગયો. તેને સમજાયું નહીં કે આ શું થઈ રહ્યું છે!

વિરાટસ્વરૂપ વિષ્ણુકુમારે બે પગલામાં તો બલિરાજાનું આખું રાજ્ય માપી લીધું ને બલિરાજાને કહ્યું–'બોલ, ત્રીજું પગલું ક્યાં મૂકું? ત્રીજું પગલું મૂકવાની જગ્યા આપ, નહીંતર તારા માથા પર પગ મૂકીને તને પાતાળમાં ઉતારી દઉં છું!'



ઋદ્ધિધારી મુનિરાજની આવી વિક્રિયા થતાં ચારેકોર ખળભળાટ થઈ ગયો; આખું બ્રહ્માંડ જાણે ધ્રૂજી ઊઠ્યું! દેવો અને મનુષ્યોએ આવીને વિષ્ણુકુમાર મુનિરાજની સ્તુતિ કરી અને વિક્રિયા સંકેલી લેવા વિનતી કરી. બલિરાજા વગેરે ચારે મંત્રીઓ મુનિરાજના પગે પડીને પોતાની ભૂલની માફી માંગવા લાગ્યા : પ્રભો, ક્ષમા કરો! મેં આપને ઓળખ્યા નહીં.

વિષ્ણુમુનિરાજે ક્ષમાપૂર્વક તેમને અહિંસાધર્મનું સ્વરૂપ સમજાવ્યું તથા જૈનમુનિઓની વીતરાગી ક્ષમા બતાવીને તેમનો મહિમા સમજાવ્યો અને આત્માના હિતનો પરમ ઉપદેશ આપ્યો. તે સાંભળીને તેઓનું હૃદયપરિવર્તન થયું ને ઘોર પાપની ક્ષમા માંગીને તેમણે આત્માના હિતનો માર્ગ અંગીકાર કર્યો. અહા ! વિષ્ણુકુમારની વિક્રિયાલબ્ધિ બલિ વગેરેને ધર્મપ્રાપ્તિનું કારણ બની ગઈ ! તે જીવોએ પોતાના પરિણામ ક્ષણમાં પલટી નાંખ્યા. અરે ! આવા શાંત—વીતરાગ મુનિઓ ઉપર અમે આવો ઉપસર્ગ કર્યો ! ધિક્કાર છે અમને ! આમ પશ્ચાત્તાપપૂર્વક તેમણે જૈનધર્મ સ્વીકાર કર્યો. આ રીતે વિષ્ણુમુનિરાજે બલિરાજા વગેરેનો ઉદ્ધાર કર્યો ને ૭૦૦ મુનિઓની રક્ષા કરી.

ચારેકોર જૈનધર્મના જયજયકાર ગાજી ઊઠ્યા. તરત જ હિંસક યજ્ઞ બંધ થઈ ગયો; મુનિવરો ઉપરનો ઉપસર્ગ દૂર થયો. હજારો શ્રાવકો પરમ ભક્તિથી ૭૦૦ મુનિવરોની વૈયાવૃત્ય કરવા લાગ્યા; વિષ્ણુકુમારે પોતે ત્યાં જઈને મુનિઓની વૈયાવૃત્ય કરી અને મુનિવરોએ પણ વિષ્ણુકુમારના વાત્સલ્યની પ્રશંસા કરી. અહા ! વાત્સલ્યનું એ દૃશ્ય અદ્‌ભુત હતું ! બલિ વગેરે મંત્રીઓએ પણ મુનિઓ પાસે જઈને ક્ષમા માંગી ને ભક્તિથી સેવા કરી.

ઉપસર્ગ દૂર થયો તેથી મુનિઓ આહાર માટે હસ્તિનાપુરી નગરીમાં પધાર્યા. હજારો શ્રાવકોએ અતિશય ભક્તિપૂર્વક મુનિઓને આહારદાન કર્યું; ત્યાર પછી જ શ્રાવકોએ ભોજન કર્યું. જુઓ, શ્રાવકોનો પણ કેવો ધર્મપ્રેમ ! ધન્ય તે શ્રાવકોને ધન્ય તે સાધુઓ !

જે દિવસે આ બનાવ બન્યો તે દિવસે શ્રાવણ સુદ પૂનમ હતી. વિષ્ણુકુમાર મુનિરાજના મહાન વાત્સલ્યને લીધે ૭૦૦ મુનિઓની તથા ધર્મની રક્ષા થઈ તેથી તે દિવસ 'રક્ષાપર્વ' તરીકે પ્રસિદ્ધ થયો, તે આજે પણ ઊજવાય છે.

મુનિરક્ષાનું પોતાનું કામ પૂરું થયું એટલે વેષ છોડીને વિષ્ણુકુમારે ફરીથી મુનિદશા ધારણ કરી અને ધ્યાન વડે પોતાના આત્માને શુદ્ધ રત્નત્રયધર્મ સાથે અભેદ કરીને એવું વાત્સલ્ય કર્યું કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

(વિષ્ણુમુનિરાજની આ કથા આપણને એમ શીખવે છે કે ધર્માત્મા સાધર્મીજનોને પોતાના જ સમજીને તેમના પ્રત્યે અત્યંત પ્રીતિરૂપ વાત્સલ્ય રાખવું; તેમના પ્રત્યે આદર-સન્માનપૂર્વક દરેક પ્રકારે મદદ કરવી; તેમના ઉપર કંઈ સંકટ આવી પડે તો પોતાની શકિતથી તેનું નિવારણ કરવું. આ રીતે, ધર્માત્મા પ્રત્યે અત્યંત પ્રીતિસહિત વર્તવું. જેને ધર્મની પ્રીતિ હોય તેને ધર્માત્મા પ્રત્યે પ્રીતિ હોય જ. ધર્માત્મા ઉપરનું સંકટ તે દેખી શકે નહીં.)

**જો ઇસ જગકે પાર ગયે પર, પાયા જાય ન જિનકા પાર,**
**એસે જિનપતિ કે ચરણોંકી, લેતા હૂઁ મૈં શરણ ઉદાર. ૩૫.**

## (૯૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યમાં બે વ્યક્તિઓના નામ આપેલ છે તેનો એકબીજા સાથે શું સંબંધ છે તે ઓળખી કાઢો.

(૧) ઋષભદેવ અને મરિચિકુમાર(મહાવીરનો જીવ) ..................................

(૨) ચેલણા રાણી અને ચંદના સતી ..................................

(૩) ત્રિશલા માતા અને મહાવીર ..................................

(૪) ભરત અને બાહુબલી ..................................

(૫) નેમિનાથ અને શ્રીકૃષ્ણ ..................................

(૬) રાવણ અને હનુમાન ..................................

(૭) રાજા શ્રેણિક અને અભયકુમાર ..................................

(૮) ધન્યકુમાર અને શાલિભદ્ર ..................................

(૯) ભરત ચક્રવર્તી અને ઋષભદેવ ..................................

(૧૦) રાવણ અને કુંભકર્ણ ..................................

(૧૧) શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્નકુમાર ..................................

(૧૨) રાજા દશરથ અને સીતાજી ..................................

(૧૩) ગજસુકુમાર અને શ્રીકૃષ્ણ ..................................

(૧૪) હનુમાન અને અંજનાસતી ..................................

(૧૫) પૂજ્ય ગુરુદેવશ્રી અને ઉજમબા ..................................

(૧૬) અંજના સતી અને પવંજય ..................................

(૧૭) રાજા દશરથ અને જનકરાજા ..................................

(૧૮) ભામંડળ અને સીતા ..................................

(૧૯) રાવણ અને મંદોદરી ..................................

(૨૦) રાજા દશરથ અને સુમિત્રા ..................................

# (૯૭) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) ઉદમ્બર ફળ ................ હોય છે. (૪, ૫, ૬)

(૨) પરિષહ .......... હોય છે. (૧૧, ૨૨, ૩૩)

(૩) સમયસારમાં ........... શક્તિઓનું વર્ણન છે. (૪૧, ૪૭, ૩૯)

(૪) બાળક કુંદકુંદે .......... વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. (૧૦, ૧૧, ૧૫)

(૫) સિદ્ધશીલા ........... ક્રમની ભૂમિ છે. (૧૧, ૮, ૫)

(૬) આદિનાથ ભગવાનના સમવસરણમાં ........ ગણધરોની સંખ્યા હતી. (૧૦૦, ૮૪, ૫૧)

(૭) સાતમા નરકના નારકીનું ઉત્કૃષ્ટ આયુ ........ સાગરનું હોય છે. (૩૩, ૨૧, ૧૧)

(૮) જ્ઞાનાવરણાદિક આઠ કર્મોની ........... પ્રકૃતિ હોય છે. (૧૨૦, ૧૪૦, ૧૪૮)

(૯) મારીચિના જીવે .......... પાખંડ મત ચલાવ્યા હતા. (૨૪૦, ૩૬૩, ૨૭૨)

(૧૦) પરિગ્રહના ............ ભેદ હોય છે. (૨૪, ૧૨, ૧૮)

(૧૧) ઉપાધ્યાયને .......... મૂળગુણ હોય છે. (૨૮, ૨૫, ૩૬)

(૧૨) આકાશના .............. ભેદ હોય છે. (૫, ૩, ૨)

(૧૩) પાપ ........... પ્રકારના હોય છે. (૬, ૫, ૭)

(૧૪) દર્શનના ............ ભેદ હોય છે. (૩, ૪, ૫)

(૧૫) ચારિત્રના .......... ભેદ હોય છે. (૪, ૩, ૫)

(૧૬) સમવસરણમાં .......... સભા હોય છે. (૧૮, ૧૪, ૧૨)

(૧૭) કાળ .............. હોય છે. (૩, ૪, ૫)

(૧૮) લોક ................ હોય છે. (૪, ૩, ૫)

(૧૯) ગતિ ......... હોય છે. (૩, ૪, ૫)

(૨૦) અજ્ઞાની જીવ ........... તત્ત્વોની ભૂલ કરતો હોય છે. (૬, ૭, ૫)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૫૦ થી ૬-૦૦ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ઓગસ્ટ— ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) પુરુષાર્થ | (૬) સકલ | (૧૧) કારણ | (૧૬) કુંદકુંદાચાર્યદેવે |
| (૨) ઠંડી | (૭) સિદ્ધ | (૧૨) સમયસાર | (૧૭) કેવળી, શ્રુતકેવળી |
| (૩) ગણધર | (૮)શ્રીમદ્‌ રાજચંદ્રજી | (૧૩) દ્રવ્યાનુ | (૧૮) પૂજ્યપાદસ્વામી |
| (૪) ૧૦ | (૯) ૨ | (૧૪) ચાર ઘાતિ | (૧૯) મહાવીર |
| (૫) કર્તાકર્મ | (૧૦) શુક્લ | (૧૫) વીતરાગ | (૨૦) નેમિનાથ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ — ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) સામાન્ય | (૬) મનઃપર્યય | (૧૧) ચાર | (૧૬) હરિત |
| (૨) ૨૪ | (૭) ભાવાર્થ | (૧૨) દેશનાલબ્ધિ | (૧૭) મુદિત |
| (૩) પ્રદેશ | (૮) દ્રવ્ય | (૧૩) દ્રવ્યદૃષ્ટિ | (૧૮) સમંતભદ્ર |
| (૪) દેવ | (૯) પ્રત્યાખ્યાન | (૧૪) સુમતિનાથ | (૧૯) દશ |
| (૫) ચૈત્યપ્રસાદ | (૧૦) કારિત | (૧૫) અતિથિસંવિભાગ | (૨૦) મૃષાનંદિ |

## ક્ષ....મા....પ....ના

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદૃષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.**

**—તંત્રી**

## વૈરાગ્ય સમાચાર :–

✻ ભાયંદર નિવાસી મણિબેન કાંતિલાલ શાહ (ઉ.વ. ૯૨)નું તા. ૨૭-૨-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ લાઠી નિવાસી (હાલ કોઈમ્બતૂર) રમણિકલાલ નાગરદાસ ભાયાણી (ઉ.વ. ૯૨)નું તા. ૫-૫-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી (હાલ અમદાવાદ) શ્રી મહેન્દ્રભાઈ જયંતિલાલ મહેતા (ઉ.વ. ૭૬) તા. ૧૧-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ અમરેલી નિવાસી (હાલ અમદાવાદ) શ્રી રમેશચંદ્ર લીલાધરભાઈ કામાણી (ઉ.વ. ૭૮) તા. ૨૧-૫-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ અશોકભાઈ એસ. સંઘવી (-તેઓ રીનાબેનના પતિ તથા યશવંતભાઈ વાધરના બનેવી) (ઉ.વ. ૬૮) તા. ૧-૬-૨૦૨૧ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ રાજકોટ મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લીધેલ હતો.

✻ લાઠી નિવાસી (હાલ કોઈમ્બતૂર) મંજુલાબેન રમણિકલાલ ભાયાણી તા. ૧૦-૬-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ ખૈરાગઢ નિવાસી શ્રીમાન દુલીચંદ ખેમરાજ જૈન, બ્ર. તારાબેન, બ્ર. મૈનાબેનના ભાઈની પુત્રવધૂ રજનીબેન કમલેશભાઈ ગીડિયા (ઉ.વ. ૬૧)નું તા. ૧૯-૬-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ સોનગઢ નિવાસી શ્રી કાંતિલાલ પાનાચંદ મોદી (ઉ.વ. ૮૫) તા. ૨૨-૬-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ મુંબઈ નિવાસી શ્રી બકુલભાઈ વ્રજલાલ મહેતા (–તેઓ સ્વ. વ્રજલાલ મગનલાલ મહેતાના પુત્ર) (ઉ.વ. ૭૪) તા. ૧-૭-૨૦૨૧ના રોજ વીતરાગવાણી શ્રવણ કરતાં દેહપરિવર્તન થયેલ છે.

✻ વીંછીયા નિવાસી (હાલ બોરીવલી) પુષ્પાબેન કીર્તિકાન્ત ડગલી(–તેઓશ્રી રાજેશભાઈ તથા વિરેનભાઈ ડગલીના માતુશ્રી) (ઉ.વ. ૮૮) તા ૬-૭-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી (હાલ બોરીવલી) શ્રી દીપકભાઈ જેવંતભાઈ વોરાના ધર્મપત્ની મીનાબેન (ઉ.વ. ૬૭)નું તા. ૯-૭-૬૭ના દિને આત્મઆરાધનાપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેઓ બોરીવલી મંદિરમાં તેમજ સોનગઢમાં પૂજન-વિધાન, પ્રતિષ્ઠા પ્રસંગોમાં ઉત્સાહથી લાભ લેતા હતા.

✻ મોરબી નિવાસી (હાલ સોનગઢ) શ્રી નલિનકાંત દેસાઈનું તા. ૯-૭-૨૦૨૧ના દેહપરિવર્તન થયેલ છે.

✻ ભાવનગર નિવાસી શ્રી નગીનદાસ હીરાલાલ ભાયાણી (ઉ.વ. ૯૩) તા. ૩૦-૭-૨૦૨૧ના દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**મારું આયુષ્ય ઘણું લાંબું છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં ? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતા કરતા આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે.** *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્રવો શું છે ?—કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભ-ભાવ આકુળતાના ઉપજાવનારા છે. આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહિ. શુભભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી. ૪૭૨.

● ભગવાન આત્મા અનંત ગુણસ્વરૂપ પ્રભુ છે. તેના એક-એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ છે, પણ તેમાં રાગનું રૂપ નથી. એક સમયમાં અનંત અનંત ગુણોનો સાગર પ્રભુ છે. એના એક એક ગુણમાં તેના અનંતા અનંતા ગુણોનું રૂપ છે. એક ગુણ બીજા ગુણમાં નથી પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે. પરંતુ વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનો કોઈ ગુણ નથી. તેથી રાગનું રૂપ કોઈ ગુણમાં નથી. તેથી ભગવાન આત્મા રાગનું કારણ નથી કે રાગ પોતાની આનંદની પર્યાયનું કારણ નથી. ૪૭૩.

● અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાયબુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનું કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધીન થઈને અદ્ધરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નથી. ૪૭૪.

● ભાઈ ! તારે દુ:ખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય-પાપના ભાવ દુ:ખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે—એમ અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શ્રદ્ધામાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે. જો આસ્રવથી નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. ૪૭૫.

● પ્રશ્ન :—તત્ત્વનું સ્વરૂપ બરાબર જાણવા છતાં જીવ કેવા પ્રકારથી અટકી જાય છે ?

ઉત્તર :—તત્ત્વને બરાબર જાણવા છતાં પર તરફના ભાવમાં ઊંડે ઊંડે રાજીપો રહી જાય છે. પરલક્ષી જ્ઞાનમાં સંતોષાય છે અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે. બહાર પડવાના ભાવમાં રોકાઈ જાય છે. અંદર રહેવાના ભાવ નથી. તેથી અટકી જાય છે અથવા શુભ પરિણામમાં મીઠાશ રહી જાય છે. એમ ખાસ પ્રકારની પાત્રતા વિના જીવ અનેક પ્રકારથી અટકી જાય છે. ૪૭૭.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૨૧
અંક-૧ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-9-2021
Posted on 1-9-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org